# ગુજરાતી સાહિત્ય પરિષદ

## વાર્ષિક અહેવાલ

(ઈ.સ.૨૦૧૨)

સંકલન અને સંપાદન

**રાજેન્દ્ર પટેલ**

મહામંત્રી

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

ફોન : ૨૬૫૭૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭

વેબસાઈટ : www.gujaratisahityaparishad.org

ઈ-મેઈલ : gspamd@vsnl.net

## ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યવાહક સમિતિના સભ્યો

૧. શ્રી વર્ષા અડાલજા (પ્રમુખ) મુંબઈ
૨. શ્રી અનિલા દલાલ (ઉપપ્રમુખ) અમદાવાદ
૩. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક (ઉપપ્રમુખ) નડીઆદ
૪. શ્રી રાજેન્દ્ર પટેલ (મહામંત્રી) અમદાવાદ
૫. શ્રી માધવ રામાનુજ (કોષાધ્યક્ષ) અમદાવાદ
૬. શ્રી નીતિન વડગામા (પ્રસારમંત્રી) રાજકોટ
૭. શ્રી પ્રફુલ્લ રાવલ (પ્રકાશનમંત્રી) વીરમગામ
૮. શ્રી જનક નાયક (વિકાસમંત્રી) સુરત
૯. શ્રી કીર્તિદા શાહ (ગ્રંથાલયમંત્રી) અમદાવાદ
૧૦. શ્રી પ્રકાશ ન. શાહ (સભ્ય) અમદાવાદ
૧૧. શ્રી હરિકૃષ્ણ પાઠક (સભ્ય) ગાંધીનગર
૧૨. શ્રી મોહન પરમાર (સભ્ય) અમદાવાદ
૧૩. શ્રી રવીન્દ્ર પારેખ (સભ્ય) સુરત
૧૪. શ્રી પ્રકાશચંદ્ર પંડ્યા (સભ્ય) મહેસાણા
૧૫. શ્રી વિરંચી ત્રિવેદી (સભ્ય) વડોદરા

### નિમંત્રિતો

૧. શ્રી રતિલાલ બોરીસાગર
૨. શ્રી મનસુખ સલ્લા
૩. શ્રી ભારતીબહેન દવે
૪. શ્રી ડાહ્યાભાઈ પટેલ 'માસુમ'
૫. શ્રી યોગેશ જોષી (તંત્રી 'પરબ')

### ટ્રસ્ટીઓ

૧. શ્રી શ્રેણીકભાઈ શેઠ
૨. શ્રી બળવંતભાઈ પારેખ
૩. શ્રી નિરંજન ભગત
૪. શ્રી વિનોદભાઈ ભટ્ટ
૫. શ્રી પ્રફુલ્લભાઈ અનુભાઈ
૬. શ્રી રઘુવીર ચૌધરી
૭. શ્રી રૂપલ મહેતા
૮. શ્રી પાવન બકેરી
૯. શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ

નિમંત્રિત : શ્રી પરેશ નાયક

### ભૂતપૂર્વ પ્રમુખો

૧. શ્રી ભગવતીકુમાર શર્મા
૨. શ્રી ભોળાભાઈ પટેલ

મધ્યસ્થ સમિતિમાં કુલ ૭૩ સભ્યો હોય છે. કાર્યવાહક સમિતિના સભ્યો મધ્યસ્થ સમિતિના સભ્યો હોય છે.



## અનુક્રમણિકા

૧. પરિષદ પાથેય ............ ૩
૨. વિવિધ વ્યાખ્યાનો/પરિસંવાદ ............ ૫
૩. પ્રકાશન પ્રવૃત્તિ............ ૯
૪. ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત કાર્યક્રમો/પ્રવૃત્તિઓ............ ૧૧
૫. ચી.મં. ગ્રંથાલય પરિચય અને પ્રવૃત્તિ ............ ૧૫
૬. ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર ............ ૧૭
૭. વિકિપીડિયા/ઇન્ટરનેટ ............ ૧૯
૮. રવીન્દ્ર ભવન ............ ૨૩
૯. વિશિષ્ટ કાર્યક્રમો ............ ૨૫
૧૦. પરિષદ પરિસર આધુનિકીકરણનું કાર્ય ............ ૩૫
૧૧. દાન ............ ૩૬
૧૨. શ્રદ્ધાંજલિ ............ ૩૯
૧૩. જ્ઞાનસત્રનો વિગતવાર કાર્યક્રમ ............ ૪૧
૧૪. જ્ઞાનસત્રો અને પ્રમુખોની યાદી ............ ૪૪

ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : પ્રફુલ્લ રાવલ (પ્રકાશનમંત્રી)
ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦૦૦૯
website : www.gujaratisahityaparishad.org e-mail : gspamd@vsnl.net
મુદ્રણ સ્થાન : ક્રિષ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩. ફોન : ૨૭૪૯૪૩૯૩

## (૧)
# પરિષદ પાથેય

નર્મદની ભૂમિ પર પરિષદનું ૨૭મું જ્ઞાનસત્ર જ્યારે મળે છે, ત્યારે પ્રત્યેક ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિપ્રેમીએ ત્રણ પ્રસંગો ફરીથી યાદ કરવા જોઈએ. આશરે ત્રણસો વર્ષ પહેલા કવિ પ્રેમાનંદે ગુજરાતી ભાષાની પ્રતિષ્ઠા ઉચ્ચ કક્ષાએ પહોંચે ત્યાં સુધી પાઘડી ન પહેરવાનો સંકલ્પ કરેલો. લગભગ બસ્સો વર્ષ પૂર્વે ખંડેરાવ ગાયકવાડ મહારાજે જ્યારે ગુજરાતની વહીવટની ભાષા મરાઠી રાખવાની જાહેરાત કરી ત્યારે કવિ દલપતરામે તેમના દરબારમાં જઈ ‘રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.’ કહી ગુજરાતી ભાષાનો મહિમા કર્યો. સોએક વર્ષ પૂર્વ ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખ ગાંધીજીએ બીજી ગુજરાતી કેળવણી પરિષદમાં કહેલું, ‘માતૃભાષાનો જે અનાદર આપણે કરી રહ્યાં છીએ તેનું ભારે પ્રાયશ્ચિત આપણે કરવું પડશે. તેથી પ્રજાએ ઘણું સહ્યું છે. તેમાંથી પ્રજાને છોડાવવી એ શિક્ષિત વર્ગની પહેલી ફરજ સમજું છું.’

૨૧મી સદીના બીજા દસકાના આરંભે આ ત્રણેય પ્રસંગો ખૂબ પ્રસ્તુત છે. પરિષદે આ વર્ષે ભાષા અને સાહિત્ય પરત્વેની અનેરી પ્રતિબદ્ધતા દર્શાવતા અનેક કાર્યક્રમો યોજી પ્રયત્ન કર્યા છે. પરિષદ અત્યારે બહુસ્તરીય પ્રવૃત્તિઓથી ધમધમે છે, ત્યારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિમંત્રણથી સુરતમાં યોજાયેલું આ જ્ઞાનસત્ર ખૂબ સૂચક છે. પ્રથમવાર યુનિવર્સિટીના આંગણે પરિષદ પધારી છે, એ અવસરે પરિષદની પ્રવૃત્તિઓની નોંધ લેવી પણ ખૂબ રસપ્રદ છે.

તાજેતરમાં પરિષદના ગ્રંથાલય અંતર્ગત ૬૧ હજાર પુસ્તકોની એક સૂચિ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ કરવામાં આવી છે. વિશ્વના કોઈપણ ખૂણેથી આ પુસ્તકોના શીર્ષક અને લેખકના નામ પરથી પુસ્તકની માહિતી ઉપલબ્ધ થઈ છે. સાહિત્ય કોશનાં અધિકરણો વિકિપિડીયા અને પરિષદની વેબસાઈટ પર ઉપલબ્ધ બન્યાં છે. એક તરફ આ બંને કાર્યો આગળ વધી રહ્યાં છે, તો બીજી તરફ પરિષદના પરિસરમાં ભાષા અને કમ્પ્યૂટર સજ્જતાના વર્ગો પણ શરૂ થયા છે. આ રીતે માહિતી સંચાર તકનીક (આઈસીટી) કેન્દ્રનો અનૌપચારિક પ્રારંભ થયો છે.

ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર આપણી ભાષા માટે ‘‘ભાષા કૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ’’ના વર્ગોનું આયોજન કરે છે. ‘‘માતૃભાષા પ્રબોધ’’ પત્રિકાના બે અંકો પ્રગટ કરવામાં આવ્યા છે.

આ વર્ષે રવીન્દ્રનાથ ટાગોરની દોઢસોમી જયંતી નિમિત્તે ‘રવીન્દ્ર મહોત્સવ’ યોજવામાં આવ્યો હતો. બીજી મેથી સાતમી મે દરમિયાન અનેક સાક્ષરોએ રવીન્દ્રનાથના જીવન અને કવનને જુદી જુદી રીતે પ્રસ્તુત કર્યું હતું. હિન્દી સાહિત્યના વિદ્વાન શ્રી



ઈન્દ્રનાથ ચૌધરીની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી હતી. પૂર્વ પ્રમુખ શ્રી ભોળાભાઈ પટેલના નેજા હેઠળનો આ મહોત્સવ ચિર સ્મરણીય બની રહ્યો. તો હમણા જ યોજાયેલો જનરલ સિમેન્ટિક અંગેનો એક કાર્યક્રમ પણ નોખો રહ્યો હતો. કોર્બિજસ્કીના સાહિત્ય વિચારણાના આ કાર્યક્રમમાં ગુજરાતના મહત્ત્વના સર્જકો ઉપસ્થિત રહ્યા હતા. ચન્દ્રકાન્ત ટોપીવાળા અને સિતાંશુ યશશ્ચંદ્ર ઉપરાંત જનરલ સિમેન્ટિક્સના આજીવન અભ્યાસુ દેવકુમાર ત્રિવેદી માર્ગદર્શન સાથે હેમંત દવેનો મહત્ત્વનો ફાળો રહ્યો હતો.

કલા-સ્વાધ્યાય મંદિર દ્વારા ઈતિહાસ લેખન કાર્ય તથા સાહિત્ય કોશનું શોધન વર્ધન કાર્ય પણ ચાલુ છે. ગુજરાત યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત એવા બે અભ્યાસ વર્ગો પણ લેવામાં આવે છે. અનુવાદ અને પત્રકારત્વના આ બંને અભ્યાસક્રમોને સારો એવો આવકાર પ્રાપ્ત થયો છે. કલા સ્વાધ્યાય મંદિરના હાલ એમ.ફીલના દસ અને પીએચ.ડી.ના ચાર વિદ્યાર્થીઓ કાર્યરત છે. આ ઉપરાંત દર માસે સાહિત્ય સિદ્ધાંતના એક ઉત્તમ વિદ્વાનને વક્તવ્ય માટે બોલાવવામાં આવે છે.

પ્રકાશન વિભાગે પણ પ્રશંસનીય પુસ્તકો પ્રગટ કર્યા છે. ‘રવીન્દ્ર સંચયિતા’ અને ‘રવીન્દ્ર વિવેચન’ ઉપરાંત દશ જેટલાં મહત્ત્વના પુસ્તકો આપ્યા છે. આ વર્ષે પુસ્તક વેચાણ આશરે રૂ. ૧૪ લાખ જેટલું થયું છે (૫૦ ટકાના વળતર પછી). એ પણ નોંધનીય ઘટના છે. ટૂંક સમયમાં ઈ-બુકના પ્રકાશનની પણ સંભાવના ઊભી થઈ છે. દર આંતરે વર્ષે વિવિધ પારિતોષિક આપવામાં આવે છે.

મહત્ત્વની સત્તરેક વ્યાખ્યાન માળાઓ અમદાવાદ સિવાય ગુજરાતભરમાં યોજવામાં આવે છે. એ રીતે અનેક સંસ્થાઓ પણ પરિષદ જોડે સાહિત્યનો સેતુ રચે છે. પરિષદ પરિસરમાં વિવિધ કાર્યક્રમો સાતત્યપૂર્વક ચાલે છે, જેવા કે બુધસભા, પાક્ષિકી, ગ્રંથ સાથે ગોઠડી, અનુવાદ અભિમુખતા, દલિત સાહિત્ય વિમર્શ વગેરે.

પરિષદનું ફલક સમાજમાં વધુ ને વધુ વિસ્તરી રહ્યું છે. આથી પરિષદ માટે આર્થિક મદદ પણ વધી છે. હાલ સ્થાયી મૂડી એકાદ કરોડ રૂપિયાની તો છે જ, ઉપરાંત પરિષદના સંકુલને વધુ સગવડભર્યું કરવા માટે બીજી એટલી જ રકમની લોકો દ્વારા સહાય કરવામાં આવી છે.

પરિષદ વારસાને સાચવવા માટેનો એક ઉપાય કરી રહી છે. એ છે – દુર્લભ પુસ્તકો અને જૂનાં સામયિકોને ડિજિટલ સ્વરુપમાં ઢાળવામાં આવે છે. હાલમાં પાંચ લાખ જેટલાં પૃષ્ઠોનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને હજુ આ કાર્ય ચાલી રહ્યું છે. નજીકના ભવિષ્યમાં આ સામગ્રી વિનામૂલ્યે અવગત થાય તે માટે પરિષદની વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે.

અંતે પરિષદે તો નવસર્જકોને સાથે રાખવા અને વારસાને અંકે કરવો – એ જ કામ કરવાનું છે. પરિષદ સુપેરે આ કાર્ય કરી રહી છે, તેનો આનંદ અને સંતોષ વ્યક્ત કર્યા વિના કેમ રહી શકાય ! અસ્તુ.

**– રાજેન્દ્ર પટેલ**

(૨)

# વિવિધ વ્યાખ્યાનો/ પરિસંવાદ

## પરિષદની વિવિધ વ્યાખ્યાનમાળાઓ

- યશવંત પંડ્યા વ્યાખ્યાનમાળા
- ઉશનસ્ વ્યાખ્યાનમાળા
- ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ)
- પી.જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા
- ગની દહીંવાલા વ્યાખ્યાનમાળા
- વ્રજલાલ દવે (શૈક્ષણિક) વ્યાખ્યાનમાળા
- વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા
- ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા
- સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા
- કે.બી. વ્યાસ વ્યાખ્યાનમાળા
- તારાબહેન મંગળદાસ મહેતા વ્યાખ્યાનમાળા
- વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા
- કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા
- હરિનારાયણ આચાર્ય વ્યાખ્યાનમાળા
- જયંતિ એમ. દલાલ વ્યાખ્યાનમાળા
- રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા

## ૨૦૧૨ દરમિયાન યોજાયેલાં વિવિધ વ્યાખ્યાનો/પરિસંવાદો

- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શિશુવિહાર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે યશવંત પંડ્યા વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૩૦-૧૧-૨૦૧૧ના રોજ ભાવનગર ખાતે શ્રી ભરત યાજ્ઞિકે ‘મારી નાટ્યસર્જનયાત્રા : પહાડનું બાળક’ વિશે વ્યાખ્યાન આપ્યું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા પુરુષાર્થ શૈક્ષણિક સંકુલ, ભાણવડના સંયુક્ત ઉપક્રમે વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૪-૧૨-૨૦૧૧ના રોજ



ભાણવડ ખાતે શ્રી નરોત્તમ પલાણે ‘એકવીસમી સદીના પ્રથમ દાયકાનાં કાવ્યવહેણો’ વિશે વ્યાખ્યાન આપ્યું. આ પ્રસંગે સર્વશ્રી નીતિન વડગામા, ડૉ મનોજ જોશી, વિજય આશર, દેવ શિંગરખિયા અને દિલરાજ મારુએ કાવ્યપઠન પણ કર્યું હતું.

- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા એન.એસ.પટેલ કૉલેજ, આણંદના સંયુક્ત ઉપક્રમે તારાબહેન મંગળદાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત આણંદ ખાતે તા.૧૨-૧૨-૨૦૧૧ના રોજ શ્રી સિલાસ પટેલિયાએ ‘એક પૂર્ણ અપૂર્ણ’ વિશે વ્યાખ્યાન આપ્યું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા એન.એસ. પટેલ કૉલેજ, આણંદના સંયુક્ત ઉપક્રમે ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ) વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૧૩-૧૨-૨૦૧૧ના રોજ શ્રી પ્રકાશ ન. શાહે ‘પત્રકાર ઉમાશંકર જોશી’ વિશે આણંદ ખાતે વ્યાખ્યાન આપ્યું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ, માંડવી (કચ્છ)ના ઉપક્રમે ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ. દર્શના ધોળકિયાએ તા.૧૭-૧૨-૨૦૧૧ના રોજ માંડવી ખાતે વ્યાખ્યાન આપ્યું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા અંગ્રેજી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે કે.બી. વ્યાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી રતિલાલ બોરીસાગરે તા.૨૭-૧૨-૨૦૧૧ના રોજ રાજકોટ ખાતે વ્યાખ્યાન આપ્યું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે અદિતિ પરિવાર વર્તુળ, મુન્દ્રાના સહયોગથી શ્રી વ્રજલાલ દવે (શૈક્ષણિક) વ્યાખ્યાનમાળા અંતર્ગત ‘આવતી કાલના શિક્ષણના પડકારો’ વિશે શ્રી હરેશ ધોળકિયાએ શ્રી ભૂપેન્દ્રભાઈ મહેતાની અધ્યક્ષતામાં તા.૩૧-૧-૨૦૧૨ના રોજ બી.એડ. કૉલેજ, મુન્દ્રામાં વ્યાખ્યાન આપ્યું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શારદાપીઠ કૉલેજ, દ્વારકાના સહયોગથી શ્રી વ્રજલાલ દવે (શૈક્ષણિક) વ્યાખ્યાનમાળા અંતર્ગત ‘શિક્ષક : સૂરજનાં સંતાન’ વિશે શ્રી ઈશ્વર પરમારે તા. ૧૬-૧૦-૨૦૧૨ના રોજ વ્યાખ્યાન આપ્યું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શિશુવિહાર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે સદ. યશવંત પંડ્યા સ્મારક વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી ધ્વનિલ પારેખે ‘એકવીસમી સદીના પ્રારંભની ગુજરાતી રંગભૂમિ’ વિશે તા. ૨૮-૧૧-૨૦૧૨ના રોજ વ્યાખ્યાન આપ્યું.
- તા.૭-૮-૯ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં આદરણીય શ્રી મોરારિબાપુના સાંનિધ્યમાં **શ્રી રા.વિ. પાઠક સભાપર્વ** ત્રિદિવસીય કાર્યક્રમનો

આરંભ થયો તથા સભાગૃહના સંવર્ધકોનાં અભિવાદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભાપર્વના ત્રણેય દિવસે સાહિત્યકારો, સાહિત્યરસિકો, અનેક ભાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવા વાતાનુકૂલિત રા.વિ. પાઠક હૉલની સુંદર સજાવટ, સાઉન્ડ, લાઇટ તથા આરામદાયક બેઠકોનાં ભરપૂર વખાણ થયાં હતા.

- ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૨, મંગળવારના રોજ સાંજે ૬:૧૫ કલાકે અમદાવાદના મેયરશ્રી અસિત વોરાના હસ્તે આશ્રમ રોડથી પરિષદ તરફ આવતા નદીકિનારા સુધીના માર્ગને 'ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ'નું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રઘુવીર ચૌધરી આદિ સૌ વિદ્વાનોએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં ભોળાભાઈ પટેલ, ગુણવંત શાહ, કુમારપાળ દેસાઈ, રતિલાલ બોરીસાગર, યોગેન્દ્ર વ્યાસ, પ્રફુલ્લ રાવલ વગેરે વિદ્વાનો, સાહિત્યકારો, સાહિત્યરસિકો, વિવિધ શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

- ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સચ્ચિદાનંદ સમાજસેવા ટ્રસ્ટ, દંતાલી તરફથી મળેલ દાનમાંથી પ્રતિવર્ષ મૂલ્યવાન અને સત્ત્વશીલ સાહિત્ય પ્રદાન કરનાર સાહિત્યકારોને સન્માનવામાં આવે છે. તા.૧૯-૨-૨૦૧૨નાં રોજ શ્રી ભગવતીકુમાર શર્માની અધ્યક્ષતામાં સાહિત્યસંગમ, સુરતમાં અનુક્રમે ત્રણ વિદ્વાનો શ્રી કાન્તિભાઈ શાહ (૨૦૦૭), શ્રી નરોત્તમ પલાણ (૨૦૦૮), શ્રી રતિલાલ 'અનિલ' (૨૦૦૯)નો **'સચ્ચિદાનંદ સન્માન'** અર્પણ સમારંભ યોજાયો હતો. કાર્યક્રમનું પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી રઘુવીર ચૌધરીએ કર્યું હતું. શ્રી પ્રફુલ્લ રાવલે ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જનક નાયકે કર્યું હતું.

> સત્ત્વશીલ સાહિત્યસર્જન દ્વારા પ્રજાજનોમાં મૂલ્યનિષ્ઠાનું સંવર્ધન-સંગોપન કરનારા મૂર્ધન્ય સર્જકને પચ્ચીસ હજાર રૂપિયા, સ્મૃતિચિહ્ન તથા શાલ અર્પણ કરીને 'સચ્ચિદાનંદ સન્માન' દ્વારા સન્માનિત કરવામાં આવે છે તે અંતર્ગત ૨૦૧૦નું આ સન્માન શ્રી ચંદ્રકાન્ત શેઠને અને ૨૦૧૧નું સન્માન શ્રી રતિલાલ બોરીસાગરને સમારંભ યોજી અર્પણ થશે.

- ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર પન્નાલાલ પટેલના જન્મ-શતાબ્દી વર્ષને અનુલક્ષીને ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમીના અને ગ્રામભારતી અમરાપુરના સંયુક્ત ઉપક્રમે તા.૨-૩ માર્ચ ૨૦૧૨ના રોજ શ્રી ભોળાભાઈ પટેલની અધ્યક્ષતામાં 'પન્નાલાલ પટેલ : વ્યક્તિ અને વાર્તાકાર' વિશેનો બે દિવસનો પરિસંવાદ ગ્રામભારતી, અમરાપુરમાં યોજાયો હતો.



- ગુજરાતી ભાષાના જાણીતા કવિશ્રી પ્રહ્‌લાદ પારેખના જન્મશતાબ્દી વર્ષને અનુલક્ષીને ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમી અને લોકભારતી સણોસરાના સંયુક્ત ઉપક્રમે તા.૧૩-૩-૨૦૧૨ના રોજ શ્રી રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં 'પ્રહ્‌લાદ પારેખની કવિતા' વિશેનો એક પરિસંવાદ લોકભારતી, સણોસરામાં યોજાયો. સમગ્ર પરિસંવાદનું સંચાલન નીતિન ભીંગરાડિયાએ કર્યું હતું.

- ગુજરાતી સાહિત્ય પરિષદ અને પ્રગતિ મિત્રમંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કવયિત્રી સંમેલનમાં, કે.ઈ. એસ. શ્રોફ કૉલેજ કાંદીવલીના હૉલમાં કવિતાપ્રેમી શ્રોતાઓએ બહોળી સંખ્યામાં હાજર રહી પ્રતિસાદ આપ્યો હતો.

- પરિષદ પ્રમુખ વર્ષા અડાલજાનો અભિવાદન સમારંભ પ્રગતિ મિત્રમંડળે મુંબઈ ખાતે યોજ્યો હતો.

**– નીતિન વડગામા**



(૩)

# પ્રકાશન પ્રવૃત્તિ

પરિષદનો મુખ્ય હેતુ સાહિત્યના પ્રચાર-પ્રસારનો છે. એનું માધ્યમ છે પુસ્તકો. ગુજરાતી સાહિત્ય પરિષદની અનેકવિધ પ્રવૃત્તિઓમાં પુસ્તક પ્રકાશન મહત્ત્વની પ્રવૃત્તિ છે. સામાન્ય રીતે વ્યાવસાયિક પ્રકાશનો જે પુસ્તકો ન છાપે, પરંતુ અભ્યાસીઓને ખપ લાગે તેવાં પુસ્તકોનું પ્રકાશન પરિષદ કરે છે. નવોદિત સર્જકોને પ્રોત્સાહન આપવા એમના પ્રથમ પુસ્તકનું પ્રકાશન પરિષદ કરે છે. વળી વર્ષ દરમિયાન વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયેલાં કાવ્યો તેમજ ટૂંકીવાર્તાઓમાંથી પસંદ કરીને પ્રતિવર્ષ કવિતાચયન અને નવલિકાચયન પ્રસિદ્ધ કરાય છે. તેનું સંપાદન તે સ્વરૂપના અધિકારી સર્જકને સોંપાય છે. ક્યારેક પરિષદ નિમંત્રણ આપીને પુસ્તકની હસ્તપ્રત મંગાવે છે. આ સઘળા પુસ્તકોની હસ્તપ્રત પરામર્શન માટે મોકલાય છે. દરેક પ્રકાશન પ્રાપ્ત થયેલ દાનમાંથી કરવામાં આવે છે. પુનઃમુદ્રણ પણ કરાય છે. પરિષદના મુખપત્ર ‘પરબ’માં પણ સર્જાતા સાહિત્યનું પ્રકાશન થતું રહે છે તો સંશોધન અને વિવેચનાત્મક લેખો પ્રકાશિત થતા રહે છે. ૨૦૧૧-૧૨ના વર્ષ દરમિયાન રૂા.૧૩,૯૭,૬૩૪/-નું પુસ્તકોનું વેચાણ થયું છે. ગત બે વર્ષ દરમિયાન પરિષદ દ્વારા જે પ્રકાશનો થયા છે તે અને કરેલ આયોજન નીચે મુજબ છે.

### પ્રકાશિત થયેલાં પુસ્તકો

૧. ગુજરાતી કવિતાચયન-૨૦૦૯
૨. રવીન્દ્ર સંચયિતા
૩. રવીન્દ્ર વિવેચન
૪. મધ્યકાલીન કાવ્યશાસ્ત્ર
૫. પન્નાલાલ પટેલની વાર્તાસૃષ્ટિમાં
૬. છિન્નપત્રાવલિ
૭. યાત્રિક (પુન : મુદ્રણ)
૮. હું (પુનઃમુદ્રણ)
૯. સાફલ્યટાણું (પુનઃમુદ્રણ)
૧૦. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ-૩-૪-૫-૬ (પુનઃમુદ્રણ)



### હાલ કમ્પોઝમાં મોકલેલ હસ્તપ્રતો નીચે મુજબ છે.

૧. સ્વકીય (દલિત સાહિત્ય)
૨. પંચાસી લઘુકથાઓ
૩. ગુજરાતી કવિતાચયન-૨૦૧૦
૪. ગુજરાતી કવિતાચયન-૨૦૧૧
૫. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૧
૬. ઓહ્‌વાટ (વાર્તાસંગ્રહ)
૭. મુખવટાના શહેરમાં (ગઝલસંગ્રહ)
૮. થર્સ્ટી ફિશ ઍન્ડ અધર સ્ટોરીઝ (સુંદરમ્)(અંગ્રેજીમાં અનૂદિત)
૯. ધૂપિયું
૧૦. હરિનારાયણ આચાર્યના લેખોનું સંપાદન
૧૧. દીઠે અડસઠ જાત્ર (પુનઃમુદ્રણ)
૧૨. પંચતંત્ર (પુનઃમુદ્રણ)

### નવાં પ્રકાશનો કરવાનું આયોજન. (વર્ષ ૨૦૧૩)

૧. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૦
૨. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૨
૩. ગુજરાતી કવિતાચયન-૨૦૧૨
૪. હસમુખ પાઠકનું સમગ્રલેખન
૫. શિવ પંડ્યાના વ્યંગચિત્રો
૬. સ્વજન કવિતાનું સંપાદન
૭. એકવીસમી સદી- પહેલો દાયકો
૮. દરિયો : સાહિત્યિક દ્રષ્ટિએ
૯. સુન્દરમ્‌નાં સર્જનમાંથી સંપાદન
૧૦. ભોગીલાલ ગાંધીના લેખોનું સંપાદન.

**– પ્રફુલ્લ રાવલ**

(૪)

# ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત કાર્યક્રમો/પ્રવૃત્તિઓ

## (જાન્યુઆરી-૨૦૧૨થી ડિસેમ્બર-૨૦૧૨)

- **ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ :-**

ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા હાલ મુખ્ય કામગીરી રૂપે ‘ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ’ ગ્રંથ-સાતનું લેખન-સંપાદનનું કાર્ય ચાલે છે. આ સાતમા ગ્રંથમાં કુલ ૧૫૬૯ સર્જકો વિશેના ઇતિહાસઆલેખોનો સમાવેશ થશે. તેમાં બહારના વિદ્વાનોને સોંપેલા મોટાભાગના અધિકરણો આવી ગયાં છે. હાલમાં સંપાદનકાર્ય ચાલુ છે. અંદાજે એક હજાર ઇતિહાસઆલેખો સંપાદિત કરી પ્રેસમાં મોકલી આપ્યા છે.

- **ગુજરાતી સાહિત્યકોશનું શોધનવર્ધન :-**

ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત ‘ગુજરાતી સાહિત્યકોશ’ના શોધન-વર્ધનના કાર્યનો આરંભ થયો છે. હાલમાં ‘ગુજરાતી સાહિત્યકોશ’ ભાગ-૨માં સમાવેશ પામેલા જે સાહિત્યકારો વિશેની માહિતી સંવર્ધિત કરવાની છે તેવા લગભગ ૫૧૪ સાહિત્યકારોની યાદી તૈયાર કરી છે. તેમના વિશેની સંદર્ભ-સામગ્રી તૈયાર કરવાનું કાર્ય ચાલે છે. ‘પરબ’, ‘શબ્દસૃષ્ટિ’, ‘સામયિક લેખસૂચિ’ તેમ જ ‘ગુજરાતી ગ્રંથસૂચિ’-૬,૭,૮માંથી કૃતિ-કર્તા વિષયક લેખોની માહિતી ઉમેરી. આ ઉપરાંતના સંદર્ભગ્રંથોમાંથી માહિતી ઉમેરવાનું ચાલુ છે.

‘ગુજરાતી સાહિત્યકોશ’ ગ્રંથ-૨માં ૧૯૫૦ સુધી જન્મેલા સાહિત્યકારોનો સમાવેશ થયો છે. અને ૧૯૮૫ સુધી જન્મેલા સાહિત્યકારો અને તેમના ગ્રંથો વિશેની યાદી તૈયાર કરવાનું કામ ચાલે છે.

- **અનુવાદ અને પત્રકારત્વ પ્રમાણપત્ર અભ્યાસક્રમ :-**

શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા ગુજરાત યુનિવર્સિટી માન્ય અનુવાદ અને પત્રકારત્વના છ મહિનાના પ્રમાણપત્ર અભ્યાસક્રમોનો તા.૧૭/૯/૨૦૧૧થી આરંભ થયો છે. અનુવાદ પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં પંદર વિદ્યાર્થીઓ અને પત્રકારત્વ અભ્યાસક્રમમાં બાવીસ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. બંને અભ્યાસક્રમોમાં વિવિધ વિદ્વાનોનો ઉષ્માપૂર્ણ સહયોગ મળી રહ્યો છે તે માટે આભાર. આ બંને અભ્યાસક્રમો તા.૧૭ માર્ચ ૨૦૧૨ના રોજ પૂરા થયેલ છે. પહેલી બેચમાં અનુવાદમાં ૧૧ વિદ્યાર્થીઓએ અને



પત્રકારત્વમાં ૧૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. આ અભ્યાસક્રમોના પ્રમાણપત્રનું વિતરણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી પરિમલ ત્રિવેદીના હસ્તે તા.૨૬/૫/૨૦૧૨ને શનિવારે કરવામાં આવ્યું હતું. પત્રકારત્વના અભ્યાસક્રમની નવી બેચનો પ્રારંભ તા.૬/૮/૨૦૧૨થી કરવામાં આવ્યો છે. પત્રકારત્વના અભ્યાસક્રમનું સંયોજન શ્રી દૃષ્ટિ પટેલ કરે છે. તેમનો આભાર માનું છું.

- **સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાન શ્રેણી :-**

શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત ‘સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી’નું આયોજન કરવામાં આવ્યું છે. તેનો આરંભ જાન્યુઆરી, ૨૦૧૦થી થયો છે. આ શ્રેણીમાં દર મહિનાના એક દિવસે સિદ્ધાંત વિષયક કોઈ એક મુદ્દાને લઈને નીવડેલા વિદ્વાન વક્તા દ્વારા એક કલાકનું વક્તવ્ય થાય અને અંતે અર્ધોકલાક પ્રશ્નોત્તરીનો રહે એવું આયોજન છે. સિદ્ધાંત વિશે વધુને વધુ સ્પષ્ટ થવાય, પૂર્વ અને પશ્ચિમના સાહિત્યવિચારની તુલનાત્મક ચર્ચા થાય તેમજ નૂતન પ્રવાહોની જાણકારી મળે એવો આ શ્રેણીનો ઉદ્દેશ છે. અધ્યાપકો તેમજ વિદ્વાનો દ્વારા આ શ્રેણીને સારો આવકાર મળ્યો છે.

| ક્રમ | વિષય | વક્તા | તારીખ |
|---|---|---|---|
| ૧. | સોસ્યૂર અને સાહિત્યવિચારણા | ડૉ.યોગેન્દ્ર વ્યાસ | ૧/૩/૨૦૧૨ |
| ૨. | બાર્થ અને તેની સાહિત્યવિચારણા | ડૉ. હેમંત દવે | ૨૭/૭/૨૦૧૨ |
| ૩. | લુકાચ અને સાહિત્યવિચારણા | ડૉ. ભરત મહેતા | ૩૦/૮/૨૦૧૨ |

આ શ્રેણીમાં શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિરના ભૂતપૂર્વ નિયામક ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળાનું માર્ગદર્શન મળે છે તે માટે તેમની કૃતજ્ઞ છું.

- શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર અને શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર અંતર્ગત ‘માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ’ની આઠમી બેચ તા.૨-૭-૨૦૧૨થી તા.૨૨-૭-૨૦૧૨ દરમિયાન યોજાઈ હતી. તેમાં ૪૪ વિદ્યાર્થીઓ જોડાયા હતા. અને ૨૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. નવી બેચનો આરંભ જાન્યુઆરી, ૨૦૧૩માં થશે.

- શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા બી.કે મજુમદાર ગ્રંથશ્રેણી અંતર્ગત વિવિધ સાહિત્યસ્વરૂપોમાં સર્જન કરનારા નવોદિત સર્જકોના પ્રથમ પુસ્તક રૂપે પ્રકાશિત થાય છે. જેમાં હેમાંગિની રાનડેના વાર્તાસંગ્રહ ‘પારિજાતક’નું પ્રકાશન થયું છે. આ શ્રેણી માટે ‘પરબ’માં જાહેરાત આપ્યા બાદ સાત હસ્તપ્રતો મળી છે. જેના પરામર્શન પછી દીના પંડ્યાનો વાર્તાસંગ્રહ ‘ઓહ્‌વાટ’ પસંદગી પામ્યો છે. જે હાલ પ્રેસમાં છે.

- ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા 'ગુજરાતીમાં વિવેચનવિચાર' વિષય પર બે દિવસનો પરિસંવાદ ફેબ્રુઆરી ૧૧-૧૨ તારીખોમાં યોજાઈ ગયો. આ પરિસંવાદ માટે ગુજરાત સાહિત્ય અકાદમીએ ૧૦૦% આર્થિક સહાય કરી હતી. તેમનો આભાર.
- શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત 'વિવેચન વ્યાખ્યાનશ્રેણી'નું પહેલું વ્યાખ્યાન તા.૭-૩-૨૦૧૨ના રોજ શ્રી બિપિન પટેલે 'મિલાન કુંદેરા : નવલકથા' વિશે આપ્યું હતું. બીજું વ્યાખ્યાન તા.૨૧-૮-૨૦૧૨ના રોજ શ્રી સતીશ વ્યાસે 'કથનકળા' વિશે આપ્યું હતું.
- ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા 'સાહિત્ય અને પત્રકારત્વ' વિશે તેમ જ 'ભાષાવિજ્ઞાન' વિશે એક દિવસીય પરિસંવાદનું આયોજન કર્યું છે. આ માટે ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહયોગ માટે મંજુરી મળી છે. જેનું આયોજન જાન્યુઆરી/ફેબ્રુઆરીમાં થશે.
- ડૉ. ભોગીલાલ સાંડેસરા ચૅરના માનાર્હ અધ્યાપક તરીકે ડૉ. નર્મદાબહેન રાવલે 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વેદાંત' વિશે પ્રથમ અને દ્વિતીય વિભાગનું કાર્ય પૂરું કર્યું છે. તેમજ શ્રી ધીરુભાઈ પરીખે આ ચૅર અંતર્ગત કરેલા સંશોધનકાર્યનું (૧૯૯૬-૯૮) 'મધ્યકાલીન કાવ્યશાસ્ત્ર (૨૦૧૨)' પુસ્તકરૂપે પ્રકાશિત થયું છે.
- વિકિપીડિયા માટે 'ગુજરાતી સાહિત્યકોશ' ખંડ-૨માંથી સર્જકો અને કૃતિપસંદગીનું કાર્ય પૂરું થયું છે અને સાહિત્યકોશ-૩માંથી મહત્ત્વની સંજ્ઞાઓની પસંદગીનું કાર્ય ચાલું છે.
- આ ઉપરાંત અનુવાદ-અભિમુખતા, ગ્રંથ સાથે ગોઠડી, એની સરૈયા લેખિકાપ્રોત્સાહનનિધિ અંતર્ગત વિવિધ કાર્યક્રમો થયા છે.

**—પારુલ કંદર્પ દેસાઈ**



## શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા થતી પ્રવૃત્તિઓની યાદી

| ક્રમ | પ્રવૃત્તિ | સમય | સંયોજક | સ્થળ | કાર્યપદ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૦૧ | અનુવાદ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના સોમ-મંગળ | પારુલ કં. દેસાઈ ૯૪૨૭૦૨૧૦૪૮ | પરિષદ | પ્રમાણપત્ર અભ્યાસક્રમ |
| ૦૨ | પત્રકારત્વ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના સોમ-મંગળ | દૃષ્ટિ પટેલ ૯૯૨૫૩૮૫૧૫૦ | પરિષદ | પ્રમાણપત્ર અભ્યાસક્રમ |
| ૦૩ | સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી | દર માસે એક | પારુલ કં. દેસાઈ ૯૪૨૭૦૨૧૦૪૮ | પરિષદ | સાહિત્યના સિદ્ધાંત વિશે મૂળગામી ચર્ચા |
| ૦૪ | ગ્રંથગોષ્ઠી | દર માસે એક | ઈતુભાઈ કુરકુટિયા ૯૭૧૪૬૪૦૧૫૬ | પરિષદ | નવા પ્રકાશિત પુસ્તકો અને વિશિષ્ટ ગ્રંથો વિશે ગોષ્ઠી |
| ૦૫ | એનીબેન સરૈયા લેખિકાનિધિ | દર મહિનાનો બીજો સોમવાર | પ્રજ્ઞા પટેલ/પારુલ કં. દેસાઈ ૯૮૨૫૪૩૮૩૯૪ | પરિષદ | બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ |
| ૦૬ | અનુવાદ અભિમુખતા | દર મહિનાનો બીજો મંગળવાર | રૂપા શેઠ ૯૨૨૮૦૧૭૮૩૫ | પરિષદ | અનુવાદિત કૃતિઓનો આસ્વાદ |
| ૦૭ | વિવેચનશ્રેણી | દર માસે એક | અજય રાવલ પારુલ કં. દેસાઈ | પરિષદ | વિવેચનના કોઈ એક મુદ્દાને લઈને ચર્ચા |
| ૦૮ | અન્ય વ્યાખ્યાનો | | પારુલ કં. દેસાઈ ૯૪૨૭૦૨૧૦૪૮ | પરિષદ | વિશિષ્ટ કાર્યક્રમો જાન્યુઆરીથી પ્રારંભ |

## (૫)

# ચી.મં. ગ્રંથાલય પરિચય અને પ્રવૃત્તિ

### ગ્રંથાલયનો પરિચય :

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી.મં. ગ્રંથાલયની સ્થાપના ૧૭ માર્ચ, ૧૯૮૦માં થઈ છે. આ ગ્રંથાલયમાં અત્યારે ૮૦,૦૦૦ પુસ્તકો ઉપલબ્ધ છે. જેમાં ૧૪૮૯ દુર્લભ પુસ્તકો, ૮૨૪૩ હસ્તપ્રતો, ૭૮ જેવા સાહિત્યના સામયિકોની ફાઈલો અને ૧૬૦ સાહિત્યકારોના ફોટોગ્રાફ છે. ગ્રંથાલયમાં પુસ્તકો ભેટ મળેલા છે. જેમકે બાલુભાઈ પારેખ, નગીનદાસ પારેખ, રા.વિ. પાઠકના પુસ્તકો સહિત ૧૦ કબાટો અને નિરંજન ભગતનાં પુસ્તકો સહિત ૧૦ કબાટો ભેટ મળેલા છે. જેને સંદર્ભ તરીકે અલગ રાખેલા છે. ગ્રંથાલયમાં વિવિધ પ્રકારના વાચકો જેવાકે એમ.એ., એમ.ફીલ, પીએચ.ડી. તેમજ સંશોધકો પોતાને જોઈતા પુસ્તકો અને સંદર્ભ સેવા મેળવે છે. આ ગ્રંથાલય સંશોધનના ઉત્તમ ગ્રંથાલય તરીકે સેવા આપે છે.

### ગ્રંથાલયના આકર્ષણો :

- જગન મહેતાએ પાડેલા ૧૬૦ સાહિત્યકારોના ફોટાનો સંગ્રહ ગ્રંથાલય પાસે છે.
- નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયાની ડાયરી (હસ્તપ્રત) ગ્રંથાલય પાસે છે.
- સિત્તેર હજાર પુસ્તકો ધરાવતા આ પુસ્તકાલયનું સંપૂર્ણ ડિજિટ્લાઈઝેશન કરવામાં આવ્યું છે.
- આજીવન સભ્યો પાસવર્ડ દ્વારા ઘેર બેઠાં પુસ્તકાલયની યાદી જોઈ શકે છે.
- સવાસો વર્ષ જૂના સંદર્ભ પુસ્તકો ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.
- સવાસો વર્ષ જૂનાં અલભ્ય સામયિકોની સંદર્ભ સેવા ઉપલબ્ધ છે.
- બાળ વિભાગ અંતર્ગત બાળકોને નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવે છે. બાળકો માટે રમતના, જ્ઞાનના સાધનો ઉપરાંત કેટલાક ચિત્રોની સીડી પણ જોવા મળી શકે છે, વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે તેમજ રાષ્ટ્રીય ગ્રંથસપ્તાહ નિમિત્તે વિવિધ કાર્યક્રમો પણ યોજાય છે.

### ગ્રંથાલયની પ્રવૃત્તિઓ :

- ચી.મં. ગ્રંથાલયના સાઠ હજાર પુસ્તકોની યાદી લોગ-ઈન દ્વારા પુસ્તકોના શીર્ષકો



હવે આપ લેખકના નામ દ્વારા, પુસ્તકના નામ દ્વારા અથવા પુસ્તકના પ્રકાર દ્વારા ઘેર બેઠાં જ જાણી શકશો. આ સેવા નિઃશુલ્ક છે.

જેની વેબસાઈટ http://gujaratisahityaparishad.com/library/ છે.

- વર્ષ દરમિયાન લગભગ કુલ ૫૦૦ જેટલા નવા સભ્યો બને છે.
- ૨૭૩૧૫ વાચકો વર્ષ દરમિયાન ગ્રંથાલયની સેવાનો ઉપયોગ કરે છે.
- ૬૧૫૯૯ પુસ્તકોના શીર્ષકો-લેખકોની યાદી ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ પર મૂક્યા છે.
- ૩૦૧૩ ગ્રંથાલયનાં નવા પુસ્તકોની ડેટા-એન્ટ્રી થઈ છે.
- વનસ્થલી યુનિવર્સિટી રાજસ્થાન દ્વારા ગ્રંથાલયનાં દુર્લભ પુસ્તકો, હસ્તપ્રતો અને જૂના સામયિકોનું ડિજિટલ સ્વરુપમાં ઢાળવાની કરવાનો પ્રોજેક્ટ અત્યારે ચાલુ છે.
- ૧૪૮૯ દુલર્ભ પુસ્તકોનું ડિજિટલ સ્વરૂપમાં રૂપાંતર થઈ ગયું છે.
- રા.રા.રા.લા.ફા. કલકત્તા દ્વારા ઝેરોક્ષ મશીનની ગ્રાન્ટ મેળવવાની પ્રક્રિયા ચાલુ છે.
- 'રાષ્ટ્રીયગ્રંથ સપ્તાહ'ની ઊજવણી દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

**– કીર્તિદા શાહ**




**રા. વિ. પાઠક સભાગૃહના સંવર્ધકોનાં અભિવાદનપ્રસંગે**
**શ્રી ગુણવંત શાહ, પૂજ્ય મોરારિબાપુ, શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી રઘુવીર ચૌધરી**

(૬)

# શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

## 'વિશ્વ માતૃભાષા દિન પર્વ'

- ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૨, મંગળવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ગૂજરાત વિદ્યાપીઠ, શાહપુર શાળા નં.૭, શ્રી સાબરમતી કન્યા-વિદ્યાલય, સરસ્વતી વિદ્યાલય, શાળાશિક્ષણ અભિયાન, ક્ષિતિ પબ્લિકેશન તથા અન્ય સંસ્થાઓના સહયોગથી 'પદયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્વાનોએ પદયાત્રાની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. શાળાનાં ભૂલકાંઓથી માંડીને પીએચ.ડી. સુધીના વિદ્યાર્થીઓએ માતૃભાષા અંગેના વિવિધ સૂત્રોચ્ચારો કરીને વાતાવરણને ગજવી મૂક્યું હતું.
- ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ શ્રી રા.વિ. પાઠક સભાગૃહ ખાતે શ્રી ભોળાભાઈ પટેલની અધ્યક્ષતામાં 'માતૃભાષા-સભા' યોજાઈ હતી. જેમાં સભાના પ્રારંભમાં શ્રી અરવિંદ ભાંડારીએ કેન્દ્રની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. જાણીતા કેળવણીકાર શ્રી પુરુષોત્તમ પટેલે તેમના પ્રાસંગિક પ્રવચનમાં ૨૧ ફેબ્રુઆરીના માતૃભાષા શહીદ દિનની માહિતી આપી હતી. શ્રી રવીન્દ્ર દવેએ 'વિશ્વ માતૃભાષા દિન'ને ગુજરાતીઓના નવા તહેવાર પર્વ તરીકે ઓળખાવ્યો હતો. જાણીતા વિચારક શ્રી ગુણવંત શાહે સભાજનો સમક્ષ પોતાની પીડા ઠાલવતાં કહ્યું કે, ''અંગ્રેજી માધ્યમમાં ભણતો આજનો ગુજરાતી વિદ્યાર્થી ગુજરાતી કે અંગ્રેજી બેમાંથી એક પણ ભાષાનો થઈ શક્યો નથી''. 'બાવાના બેય ન બગડે' તે માટેની તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી ભોળાભાઈ પટેલે કટાક્ષ કરતાં કહ્યું હતું કે, ''આપણે ત્યાં 'ચોપડી'ની નહીં, 'ચોપડા'ની ઉપાસના થાય છે.'' તેમણે માતૃભાષા-સંવર્ધન સંદર્ભે 'ચોપડીની ઉપાસના'ના શ્રેષ્ઠ માર્ગની વાત કરી હતી.
- શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર અને શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર અંતર્ગત 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ'ની આઠમી બેચ તા.૨-૭-૨૦૧૨થી તા.૨૨-૭-૨૦૧૨ દરમિયાન યોજાઈ હતી. તેમાં ૪૪ વિદ્યાર્થીઓ જોડાયા હતા. અને ૨૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. નવી બેચનો આરંભ જાન્યુઆરી, ૨૦૧૩માં થશે.
- અમદાવાદ મહાનગર સેવાસદનના પ્રાથમિક શાળાના શિક્ષકો માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા માતૃભાષા સંવર્ધન કેન્દ્ર, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા



ગુજરાતી ભાષાસજ્જતા અને શાળાકીય કાર્ય તેમજ વર્ગકાર્યની સજ્જતા અંગે તા. ૨૫ એપ્રિલ થી ૫ મે દરમિયાન ૪ દિવસની તાલીમનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ તાલીમ - ઓપવર્ગમાં લગભગ ૧૭૫ શિક્ષકોએ ભાગ લીધો હતો. તાલીમ કાર્યક્રમને અંતે શિક્ષકોએ હૂંફાળો પ્રતિભાવ પાઠવતાં આ પ્રકારના અન્ય વર્ગની માંગણી કરી હતી. જે અન્વયે પરિષદ ખાતે માતૃભાષા કેન્દ્ર દ્વારા વેકેશન દરમિયાન વિશેષ બેચનું આયોજન કરવામાં આવ્યું.

- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત માતૃભાષા સંવર્ધન કેન્દ્ર તથા કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૨૭ ઓગસ્ટ, ૨૦૧૨ થી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૨ દરમ્યાન કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી ખાતે પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે વિશેષ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિભાગના ગુજરાતી - બિનગુજરાતી લગભગ ૨૫ વિદ્યાર્થીઓએ આ વર્ગનો લાભ લીધો હતો.
- માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા ત્રૈમાસિક પુસ્તિકા 'માતૃભાષાપ્રબોધ'ની શરૂઆત ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજથી કરવામાં આવી છે. આજ સુધી બે અંક પ્રગટ કરવામાં આવ્યાં છે.
- માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા જુદી જુદી સંસ્થાઓના સહયોગમાં લગભગ દર ત્રણ મહિને ભાષાવિષયક વ્યાખ્યાન યોજવામાં આવે છે.

**– પિંકી પંડ્યા**




રવીન્દ્ર મહોત્સવ : વક્તવ્ય આપતાં શ્રી ઈન્દ્રનાથ ચૌધરી

## (૭)
## વિકિપીડિયા/ઇન્ટરનેટ

* **વેબસાઈટ**

ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ પરના મુલાકાતીઓની વિગત આપતા અહેવાલ-સ્ટેટીસ્ટીક્સને આધારે, આ વેબસાઈટને દર મહિને ૩થી ૪ લાખ વેબ-હીટ્સ મળે છે. ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ હાલ ૬૦૦થી પણ વધારે વેબપેજ ધરાવે છે અને તેની મુલાકાતે ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન, રશિયા, ગ્રેટ બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, જાપાન, યુરોપના દેશો, સિંગાપોર, દૂર પૂર્વના દેશો, પડોશી દેશો વગેરે દેશોમાંથી મુલાકાતીઓ આવે છે.

* **ફેસબુક**

ફેસબુક પર ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યોની સંખ્યા ૫,૦૦૦ છે અને તેમને પરિષદના કાર્યક્રમોની માહિતી નિયમિતરૂપે આપવામાં આવે છે, સભ્ય થવાની અરજી ૨૦૦૦થી પણ વધારે આવેલી છે પરંતુ ફેસબુક પર સભ્યસંખ્યાની મર્યાદા ૫,૦૦૦ હોવાને કારણે તેઓ મંજૂર થઈ શકતા નથી.

* **પરબ ઓનલાઈન**

ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ પર, ઓનલાઈન પ્રગટ થતા પરબનો આંશિક અંક દેશ-વિદેશથી ડાઉનલોડ થાય છે. વિનામૂલ્યે પીડીએફ ફોર્મેટમાં ડાઉનલોડ કરી શકાતા આ માસિકના પ્રશંસકો વધ્યા છે, માંગ પણ વધી છે. વેબ અહેવાલના આધારે અંદાજે ત્રણથી ચાર હજાર વાચકો પરબ ઓનલાઈન વાંચે છે.

* **ઈ-ન્યુઝલેટર**

ઈમેલ દ્વારા લગભગ ૪૦૦ જેટલા સભ્યોને મહત્ત્વના કાર્યક્રમોની વિગત મોકલવામાં આવે છે. ઈન્યૂઝલેટર વિનામૂલ્યે નિયમિત રીતે મોકલવામાં આવે છે.

* **ગુજરાતી વિકિપીડિયામાં માહિતી**

ગુજરાતી સાહિત્ય પરિષદના ગુજરાતી સાહિત્યકોશમાં રહેલી અમૂલ્ય માહિતી દેશ-વિદેશના, પેઢી-દર પેઢીના સભ્યો સુધી પહોંચી શકે, અને નવા માધ્યમો



દ્વારા તેની સાચવણી પણ થઈ શકે, તે ઉદ્દેશ્યથી ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ગુજરાતી વિકિપીડિયામાં માહિતી મૂકવાની શરૂઆત થઈ હતી. ગુજરાતી સાહિત્યકોશ-ભાગ-૨માંથી, આજ સુધી લગભગ સાડા ત્રણસો સાહિત્યકારોની માહિતી મૂકાઈ ચૂકી છે. આ કાર્ય ચાલુ જ છે અને તેમાં સતત ઉમેરો થતો રહ્યો છે. સાથો સાથ હવે ગુજરાતી સાહિત્યકોશ ભાગ-૩માંથી પણ વિવિધ માહિતી મૂકવાના પ્રયત્નો ચાલુ થયાં છે.

* **ચી.મં. ગ્રંથાલયના સાઠ હજાર પુસ્તકોની યાદી લોગ-ઈન**

એકસો વર્ષથી પણ જૂની સંસ્થા, ગુજરાતી સાહિત્ય પરિષદમાં આવેલા ચી.મં. ગ્રંથાલય (જાહેર ગ્રંથાલય)માં સચવાયેલા અઢળક પુસ્તકોનો ખજાનો હવે નવા યુગની સાથે તાલ મેળવી રહ્યો છે. અમૂલ્ય એવા લગભગ સાઠ હજાર પુસ્તકોના શીર્ષકોની યાદી હવે ઓનલાઈન, આપના કમ્પ્યુટર પર પણ ઉપલબ્ધ છે. પુસ્તકોના શીર્ષકો હવે આપ લેખકના નામ દ્વારા, પુસ્તકના નામ દ્વારા અથવા પુસ્તકના પ્રકાર દ્વારા ઘેરબેઠાં જ ચૂંટી શકશો. આશા છે કે સાહિત્યપ્રેમીઓ, સંશોધકો, વિદ્યાર્થીઓ, તથા સૌ આનો ખૂબ લાભ ઉઠાવી શકશે. આ માટે આપે ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ પર આવેલી લાઈબ્રેરીમાં આ લીન્ક http://gujaratisahityaparishad.com/library/ પરથી પ્રવેશ મેળવવાનો છે. આ સેવા નિઃશુલ્ક છે. આ યાદીમાં નવા પુસ્તકો ઉમેરવાનું કાર્ય સતત ચાલી જ રહ્યું છે, જતે દિવસે પસંદગીના પુસ્તકોનો ઇ-બુક સ્વરૂપે સમાવેશ કરવાની ગણતરી છે.

* **ઑડિયો કેસેટ્સનું ડીજિટલ સ્વરૂપમાં રૂપાંતર :**

ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯૯૪થી ૨૦૦૭ વર્ષ દરમિયાન થયેલા કેટલાંક અદ્‌ભુત કાર્યક્રમોની ઑડિયો કેસેટ્સને ભવિષ્યની પેઢી માટે જાળવવા, તેનું એમ-પી-૩માં રૂપાંતર કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આમાંથી હાલ પાંત્રીસ જેટલી કેસેટ્સના કાર્યક્રમો નવીન ટેક્નૉલૉજી અંતર્ગત તૈયાર છે, અને આ કાર્ય ચાલુ છે.

* **ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર સજ્જતા : કાર્યશાળા**

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતીલેક્સિકોનના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી ભાષા-કમ્પ્યૂટરની અભિમુખતા માટે, માસ ઑગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૨માં એક કાર્યશાળાનું નિઃશુલ્ક આયોજન થયું હતું. કાર્યશાળામાં જાણકારીના વર્ગો ગુજરાતી

સાહિત્ય પરિષદમાં તથા પ્રાયોગિક તાલીમના વર્ગો ગૂજરાત વિદ્યાપીઠ ખાતે લેવામાં આવતા હતા.

- પ્રથમ સત્રની શરૂઆત તા.૧૭-૮-૨૦૧૨ના રોજ થઈ હતી, જેમાં રૂપલ મહેતાએ 'કમ્પ્યૂટર સામાન્ય જાણકારી' વિષય પર રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે ટેક્નૉલૉજી ક્ષેત્રે જગત હરણફાળ ભરી રહ્યું છે અને આપણું ધ્યેય, કમ્પ્યૂટર દ્વારા આપણી માતૃભાષાને વિકસાવવાનું છે. આ સત્રમાં કમ્પ્યૂટરના વિવિધ પ્રકારથી માંડીને ઑપરેટિંગ સિસ્ટમ વગેરે સુધીના પાસાઓ આવરી લેવામાં આવ્યા હતાં.
- બીજું સત્ર તા.૩૧-૮-૨૦૧૨ના રોજ ગુજરાતીલેક્સિકોનના મૈત્રી શાહ દ્વારા લેવામાં આવ્યું હતું. સત્રનો વિષય હતો, 'ગુજરાતીમાં ટાઈપ કેવી રીતે કરવું ?' તેમણે જણાવ્યું હતું કે ગુજરાતીમાં ટાઈપ કરવું અતિ સરળ છે અને આપણે બોલીએ, એમ ઉચ્ચારણ પ્રમાણે - ફોનેટિક રીતે - આપણે ટાઈપ કરી શકીએ છીએ. તે માટે આવશ્યક મુદ્દાઓ, કમ્પ્યૂટર 'સેટ-અપ'થી માંડીને ગુજરાતી કીબોર્ડ તથા ગુજરાતીમાં ટાઈપ કેવી રીતે કરવું તેની સવિસ્તાર રજૂઆત કરવામાં આવી હતી.
- ત્રીજું સત્ર તા.૧૪-૯-૨૦૧૨ના રોજ 'ગુજરાતી વિકિપીડિયા' ઉપર લેવામાં આવ્યું હતું. આ સત્ર હર્ષ કોઠારી અને કોનારક રત્નાકર દ્વારા લેવામાં આવ્યું હતું. તેઓ એન્જિનિયરિંગ શાખાના વિદ્યાર્થીઓ છે તથા ગુજરાતી વિકિપીડિયાના સંપાદક પણ છે. તેમણે જણાવ્યું હતું કે આજે વિકિપીડિયા એ મહત્ત્વનો જ્ઞાનકોશ છે પરંતુ છ કરોડ લોકો ગુજરાતી બોલતા હોવા છતાં માત્ર ૨૧ જ સંપાદકો છે. ગુજરાતી વિકિપીડિયામાં ખાતુ ખોલવાથી માંડીને લેખ સંપાદન કેવી રીતે કરવું, તે તમામ માહિતીને તેમણે આવરી લીધી હતી.
- તા.૨૮-૯-૨૦૧૨ના રોજ લેવાયેલા કાર્યશાળાના ચોથા સત્રમાં મૈત્રીબેન શાહે ગુજરાતીલેક્સિકોન અને ભગવદ્ગોમંડલની વેબસાઈટ વિશે અનેક ઉપયોગી માહિતી રજૂ કરી હતી. ગુજરાતીલેક્સિકોન એ ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઓનલાઈન કોશ છે. ઈન્ટરનેટ પર ઓનલાઈન રહીને કોશ કેવી રીતે વાપરવો, તેમજ સ્પેલચેકર વગેરે વિભાગોના ઉપયોગ વિશે તેમણે વિગતવાર સમજાવ્યું હતું. ગુજરાતી ભાષાના એન્સાઈક્લોપીડિયા ભગવદ્ગોમંડલ વિશે તથા તેના ઉપયોગ વિશે તેમણે પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી હતી.
- તા.૫-૧૦-૨૦૧૨ના રોજ લેવાયેલા કાર્યશાળાના પાંચમા સત્રમાં કાર્તિકભાઈ મિસ્ત્રીએ ગુજરાતી બ્લૉગ્સ અને સોશિઅલ મીડિયા વિશે રજૂઆત કરી હતી.



તેમણે ગુજરાતી નેટજગત અને ગુજરાતી ભાષાના બ્લૉગ્સ વિશે જણાવીને તે કેવી રીતે બનાવવા, વગેરે વિગતો ઈન્ટરનેટ પર ઓનલાઈન પર જઈને વિગતવાર રીતે દર્શાવી હતી. તેમણે ફેસબુક, ટ્વીટર, ગુગલ વગેરેની શરૂઆત, ફાયદા ગેરફાયદા વગેરેની વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. રજૂઆતના અંતે પ્રશ્નોત્તરી વખતે તથા આ કાર્યશાળાની સમાપ્તિ સમયે ભાગ લેનારાઓએ વિચારોની આપ-લે કરી હતી.

- કાર્યશાળાના સત્રોમાં જાણકારી પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવતી અને પ્રાયોગિક સત્રમાં ભાગ લેનારાઓને કમ્પ્યૂટર ઉપર હાથોહાથ તાલીમ પણ મળતી હતી, જેનો પ્રતિસાદ ખૂબ સરસ મળ્યો. દર સત્રને અંતે પ્રશ્નોત્તરીની બેઠક રહેતી, જેમાં પ્રશ્નો અને ચર્ચાઓ મુક્તપણે પણ થતી હતી. દરેક સત્રના અંતે ભાગ લેનારાઓનો પ્રતિસાદ ફીડબેક-ફૉર્મ દ્વારા લેવાયો હતો, જેનો અહેવાલ સૌ વક્તાઓને મોકલવામાં આવ્યો હતો. જો ભવિષ્યમાં આવી કાર્યશાળાઓ યોજવામાં આવે, તો તેને માટે આ જાણકારી ઉપયોગી થઈ શકે. કાર્યશાળાના સંયોજક તરીકે રૂપલ મહેતાએ ફરજ બજાવી હતી.
- આ કાર્યશાળાના સત્રોના પ્રેઝન્ટેશન, કાયમી ધોરણે સહુ ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ ઉપરના શિક્ષણ વિભાગમાંથી માણી શકે છે. જેને માટેની લીન્ક છે : http://gujaratisahityaparishad.com/shikshan/.

**– રૂપલ મહેતા**

## (૮)
# રવીન્દ્રભવન

- રવીન્દ્રભવન અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૭-૩-૨૦૧૨ બુધવારના રોજ 'ચિત્રો દ્વારા ટાગોર' વિશે શ્રી પ્રબોધ પરીખે (ચિત્રોની સ્લાઈડો સાથેનું) વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૪-૪-૨૦૧૨ના રોજ શ્રી નિરંજન ભગતે 'ટાગોર અને ભારતનું રાષ્ટ્રગીત' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદે ટાગોર કોમોમેરેશન ગ્રાન્ટ સ્કીમ, મિનિસ્ટ્રી ઑફ કલ્ચર, ભારત સરકાર, ઉદયપુરના સૌજન્યથી કવિવર રવીન્દ્રનાથની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે તા. ૨મે થી ૭મે સુધી રવીન્દ્ર મહોત્સવનું આયોજન પરિષદભવનમાં કર્યું હતું. તા.૨-૫-૨૦૧૨ના રોજ શ્રી ઈન્દ્રનાથ ચૌધરીએ 'પ્રતિભાપુરુષ રવીન્દ્રનાથ' વિશેના વક્તવ્યમાં રવીન્દ્રનાથનાં ઘડતરપરિબળો અને સર્જનાત્મક સાહિત્યની વિશદ ચર્ચા કરી હતી. અધ્યક્ષીય વક્તવ્યમાં શ્રી નિરંજન ભગતે રવીન્દ્રનાથ ટાગોરનાં સાહિત્યમાં દુઃખ અને મૃત્યુ વિશેનાં ચિંતનની વિગતે ચર્ચા કરી હતી. તા.૪-૫-૨૦૧૨ના રોજ રવીન્દ્રનાથ પરની અને રવીન્દ્રકૃતિ પરની ફિલ્મ પ્રસ્તુતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તપનસિંહ દિગ્દર્શિત 'ક્ષુધિત પાષાણ' ભાવકોએ રસપૂર્વક નિહાળી હતી. તા.૫-૫-૨૦૧૨ના રોજ અદિતિ દેસાઈ દિગ્દર્શિત 'અચલાયતન' નાટ્યપ્રસ્તુતિ થઈ હતી. શ્રી રઘુવીર ચૌધરીએ નાટકના કલાકારો અને અદિતિ દેસાઈને અભિનંદન આપીને આભાર વ્યક્ત કર્યો હતો. તા.૬-૫-૨૦૧૨ના રોજ જયતિ ઘોષે 'રવીન્દ્રસંગીત : પ્રસ્તુતિ' કરી હતી. જેમાં રવીન્દ્રનાથનાં નાટકોમાં આવતાં કાવ્યોને રમણીય રીતે પ્રસ્તુત કર્યાં હતાં. તા.૭-૫-૨૦૧૨ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'રવીન્દ્ર-સંચયિતા' અને 'રવીન્દ્ર-વિવેચન' આ બે પુસ્તકોનું પ્રકાશન ઉપલબ્ધ કરવામાં આવ્યું હતું. પ્રકાશનમંત્રી પ્રફુલ્લ રાવલે ભૂમિકા બાંધી આપી હતી. નિરંજન ભગતે રવીન્દ્રનાથ ટાગોર વિશે વિશદ વ્યાખ્યાન આપ્યું હતું. પ્રમુખ ભોળાભાઈ પટેલે રવીન્દ્રનાથ ટાગોરની મુખ્ય લાક્ષણિકતાઓ ચીંધી આપી હતી. રાજેન્દ્ર પટેલે અંતે સમગ્ર પરિસંવાદમાં સહભાગી થનારા સૌનો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.
- તા.૬-૬-૨૦૧૨ના રોજ રવીન્દ્રનાથ ટાગોર વિશે સત્યજિત રાયની દસ્તાવેજી ફિલ્મ દર્શાવી હતી.



- તા.૪-૭-૨૦૧૨ રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યસંગ્રહ 'બલાકા' વિશે શ્રી નિરંજન ભગતે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૭-૮-૨૦૧૨ના રોજ ઈન ધ લેન્ડ ઑફ છિન્નપત્ર ટાગોરની જાગીર વિશે સાઈબાલમિત્ર દિગ્દર્શિત અંગ્રેજીમાં દસ્તાવેજી ફિલ્મ દર્શાવી હતી.
- તા.૫-૯-૨૦૧૨ના રોજ ટાગોરના 'ઝડેર ખેયા' કાવ્ય વિશે નિરંજન ભગતનું વ્યાખ્યાન યોજાયું હતું.
- તા.૨૭-૯-૨૦૧૨ના રોજ વિજય પદકી દ્વારા ટાગોર વિશેના અંગ્રેજી નાટક 'સલામ રબિ'નું વાચન યોજાયું હતું.

**– શૈલેષ પારેખ**



**રવીન્દ્ર મહોત્સવ પૂર્ણાહૂતિ પ્રસંગે શ્રી રઘુવીર ચૌધરી, શ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી ભોળાભાઈ પટેલ, શ્રી પ્રફુલ રાવલ અને શ્રી ભાગ્યેશ જહા**

## (૯)

# વિશિષ્ટ કાર્યક્રમો

## 'પાક્ષિકી'

**સંયોજક : દીવાન ઠાકોર**

દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે યોજાય છે. જેમાં વાર્તાકાર અપ્રગટ વાર્તા વાંચે અને ઉપસ્થિત ભાવકો પ્રતિભાવ આપે વાર્તા મૌલિક કે અનુવાદિત હોઈ શકે. મુખ્યત્વે કોઈ પણ સાહિત્ય સ્વરૂપ હોઈ શકે.

- તા.૧-૧૨-૨૦૧૧ના રોજ શ્રી જિજ્ઞેશ બ્રહ્મભટ્ટે વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૫-૧૨-૨૦૧૧ના રોજ નારન બારૈયાએ 'લીપ સ્લેપ' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૫-૪-૨૦૧૨ના રોજ શ્રી નયનાબહેન ડેલીવાળાએ નરવણેકૃત મરાઠી વાર્તા 'એક ઉંમરનું ઝાડ'નું પઠન કર્યું હતું.
- તા.૧૯-૪-૨૦૧૨ના રોજ શ્રી દક્ષાબહેન પટેલે હિન્દી લેખક નંદ ભારદ્વાજની 'દૂસરી ઔરત'નું તેમણે કરેલી અનુવાદિત વાર્તા 'બીજી સ્ત્રી'નું પઠન કર્યું હતું.
- તા.૭-૬-૨૦૧૨ના રોજ વાર્તાકાર શ્રી સાગર શાહે તેમની અપ્રગટ વાર્તા 'સાહિત્ય સફર'નું પઠન કર્યું હતું.
- તા.૧૪-૬-૨૦૧૨ના રોજ અનુવાદક શ્રી ઈન્દિરા નિત્યાનંદને અનૂદિત કૃતિઓ 'કૃટ્ટી મઈલ' અને 'શુ પ્રેમ તાળામાં કેદ કરી શકાય ?' રજૂ કરી હતી.
- તા.૨૧-૬-૨૦૧૨ના રોજ શ્રી અભિમન્યુ આચાર્યે 'પકલો પ્રકાશ અને ફૂટબૉલ' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૫-૭-૨૦૧૨ના રોજ શ્રી નિર્મળા મૅકવાને 'વહેરામણ' (તલસાટ) વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૯-૭-૨૦૧૨ના રોજ પૂજા તત્સતે 'એકલસૂરા' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૬-૮-૨૦૧૨ના રોજ શ્રી ઊર્મિ પંડિતે 'અંશ' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૮-૧૦-૨૦૧૨ના રોજ દક્ષાબહેન પટેલે બંગાળી અને ઉર્દૂ વાર્તાઓના અનુવાદનું પઠન કર્યું હતું.



## બુધસભા/વિશ્વકવિતા કેન્દ્ર

દર બુધવારે રાત્રે ૭.૦૦થી ૮.૦૦ વાગે કાવ્ય-કાર્યશાળા શ્રી ધીરુ પરીખના માર્ગદર્શન હેઠળ યોજાય છે. શ્રી ધીરુ પરીખ પાંચ માસ અમેરીકા ગયા ત્યારે શ્રી પ્રફુલ્લ રાવલે બુધસભાનું સંચાલન કર્યું હતું.

## ગ્રંથ સાથે ગોઠડી

**સંયોજક : હરીશ ખત્રી/ઈતુભાઈ કુરકુટિયા**

દર મહિનાના પહેલા શુક્રવારે યોજાય છે. જેમાં કોઈ પણ પુસ્તક વિષે પરિચય અને પ્રશ્નોત્તરી હોય છે.

- તા.૯-૧૨-૨૦૧૧ના રોજ શ્રી રાજેન્દ્ર પટેલે ગિરિરાજ કિશોરકૃત અને મોહન દાંડીકર અનૂદિત 'પહેલો ગિરમીટિયો' નવલકથાનો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૩-૧-૨૦૧૨ના રોજ શ્રી સુધાબહેન મહેતાએ અગાથઆ વૉન ટ્રેપલિખિત આત્મકથા 'ધ સાઉન્ડ ઑફ મ્યુઝિક'નો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૨-૩-૨૦૧૨ના રોજ શ્રી સ્વાતિબહેન મેઢે ચાર્લી ચેપ્લીનની આત્મકથા 'મારી આત્મકથા'નો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૩-૨-૨૦૧૨ના રોજ નાટ્યવિદ શ્રી જનક દવેએ કવિ ભાસકૃત એકાંકી 'કર્ણભારમ્'નું પઠન અને અભિનય સાથે રસપ્રદ આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૮-૬-૨૦૧૨ના રોજ શ્રી રાજુલ આઝાદે યુવનેશ મોદી, રાહુલકુમાર, આલોક કોઠારીકૃત 'ધ ગેમ ચેન્જર્સ'નો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૬-૭-૨૦૧૨ના રોજ શ્રી રૂપાબહેન શેઠે પ્રકાશચંદ્ર દેવલકૃત અને જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ અનૂદિત 'બોલો માધવી' ખંડકાવ્યનો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૩-૮-૨૦૧૨ના રોજ શ્રી અજય રાવલે અશ્વિન મહેતાકૃત 'છબિ ભીતરની' પુસ્તક વિશે રસપ્રદ વક્તવ્ય આપ્યું હતું.
- તા.૭-૯-૨૦૧૨ના રોજ શ્રી ઉર્વીબહેન શાહે પ્રતિભા રાયકૃત નવલકથા 'દ્રૌપદી' વિશે વિશદ ચર્ચા કરી હતી.
- તા.૫-૧૦-૨૦૧૨ના રોજ શ્રી રસીલાબહેન કડિયાએ 'બસ હવે બહુ થયું' સંકલિત પુસ્તકનો આસ્વાદ કરાવ્યો હતો.

## અનુવાદ અભિમુખતા

### (એચ.એમ. પટેલ અનુવાદ કેન્દ્ર અંતર્ગત)

### સંયોજક : રૂપા શેઠ

દર મહિનાના બીજા મંગળવારે યોજાય છે. જેમાં અનુવાદિત કૃતિઓનો આસ્વાદ હોય છે.

- તા.૧૩-૧૨-૨૦૧૧ના રોજ શ્રી બિપીનભાઈ પટેલની ઉપસ્થિતિમાં શ્રી હિમાંશી શેલતની વાર્તા 'કિંમત'નો અંગ્રેજી અનુવાદ મૂળ કૃતિ સાથે વાંચ્યો હતો. ઉપરાંત બે-ત્રણ અંગ્રેજી કાવ્યોના ગુજરાતી અનુવાદોનો તુલનાત્મક પરિચય આપ્યો હતો.
- તા.૧૦-૧-૨૦૧૨ના રોજ ઉપસ્થિત ભાવકોને સ્વ-ભાષાંતરિત ફકરાઓ - એક અંગ્રેજીમાં અને એક હિન્દીમાં આપ્યા હતા. તેમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરવાનું હતું. તેમાં ખૂબ સારી ચર્ચા થઈ, કારણ કે દરેક જણ પોતાની રીતે અનુવાદ કરી લાવ્યા હતા. અંગ્રેજી રૂઢિપ્રયોગ, હિન્દી શબ્દો તથા લખવાની રીત, વાક્યરચના વગેરે પર પણ સારી એવી ટીકા-ટિપ્પણ થઈ. આવો વધુને વધુ મહાવરો રહે તેવો હાજર રહેલી વ્યક્તિઓનો સૂર હતો.
- તા.૧૪-૨-૨૦૧૨ના રોજ શ્રી રૂપા શેઠે ભવભૂતિકૃત 'ઉત્તરરામચરિત'ના બે અનુવાદનું તુલનાત્મક પઠન કર્યું હતું.
- તા.૧૩-૩-૨૦૧૨ના રોજ શ્રી સ્વાતિ મેઢનું વક્તવ્ય યોજાયું હતું.
- તા.૧૦-૪-૨૦૧૨ના રોજ શ્રી હરીશ ખત્રીએ અનુવાદ માત્ર શાબ્દિક અનુવાદ નથી, પરંતુ મૂળ ભાષામાં લેખક જે કહેવા માંગે છે તે મારે મારી ભાષા (અનુવાદની ભાષામાં) કહેવો હોય તો કઈ રીતે કહું ? તે માટે તેમણે સળંગસૂત્રતા જળવાઈ રહે અને વિષયની જાણકારી હોવી જોઈએ, તે બાબત પર ભાર મૂક્યો હતો. તેમણે સીમોન દ બોવારની આત્મકથાત્મક નવલકથામાંથી પઠન કર્યું હતું.
- તા.૧૨-૬-૨૦૧૨ના રોજ શ્રી ચિનુ મોદીએ 'નાટકમાં અનુવાદ' વિશે વાત કરી હતી.
- તા.૧૭-૭-૨૦૧૨ના રોજ પ્રા. નયના ડેલીવાલાએ 'વિવિધ સ્વરૂપોમાં ગુજરાતી હિંદી અનુવાદ' વિશે વક્તવ્ય આપ્યું હતું.
- તા.૧૪-૮-૨૦૧૨ના રોજ શ્રી રાજેન્દ્ર પટેલે 'અનુવાદની મારી આનંદયાત્રા' વિશે વક્તવ્ય આપ્યું હતું.
- તા.૧૧-૯-૨૦૧૨ના રોજ પ્રા. સંજય ભાવેએ 'ચાર્લ્સ ડિકન્સ, ગાંધી અને ગુજરાતી' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.



- તા.૯-૧૦-૨૦૧૨ના રોજ ડૉ. સુધા મહેતાએ તેમને અનુવાદમાં કેમ રસ પડ્યો, અનુવાદ કરવામાં પડતી મુશ્કેલી તથા એમાંથી એ શું શીખ્યાની વાત ઉદાહરણ સહિત કરી. સુધા મૂર્તિના પુસ્તકનું 'ડૉલરવહુ'ના નામે તેમણે ગુજરાતીકરણ કર્યું છે.

## નવોદિત સર્જક સાથે સંવાદ

### સંયોજક : ધ્વનિલ પારેખ

દર મહિનાના ત્રીજા શનિવારે નવસર્જકોની કાર્યશાળા યોજાય છે.

- તા.૧૭-૧૨-૨૦૧૧ના રોજ નવોદિત સર્જકોની કૃતિઓનું પઠન અને ચર્ચા થયાં હતાં. કાર્યક્રમમાં મીનાક્ષી ચંદારાણાએ ગઝલ, ભારતી પ્રજાપતિએ ગીત, રાહુલ તુરીએ ગીત અને ગિરીશ પરમારે ગઝલની રજૂઆત કરી હતી.
- તા.૨૧-૪-૨૦૧૨ના રોજ નવોદિત સર્જકોએ અપ્રકાશિત કૃતિઓનું પઠન કર્યું હતું.
- તા.૨૭-૫-૨૦૧૨ના રોજ ભાવનગર ગદ્યસભા સંચાલિત સર્જક સંવાદની બેઠક ભાવનગરમાં મળી હતી જેમાં કવિતાઓ અને વાર્તાનું ભાવવાહી પઠન થયું હતું.
- તા.૧૬-૬-૨૦૧૨ના રોજ નવોદિતોએ કાવ્યો અને નિબંધોનું પઠન કર્યું હતું.

## દલિત સાહિત્યવિમર્શ

### સંયોજક : ચંદુ મહેરિયા

દર મહિનાના ચોથા શનિવારે વિશ્વ દલિત સાહિત્યનો આસ્વાદ અને અભ્યાસ યોજાય છે.

- તા.૨૩-૬-૨૦૧૨ના રોજ પ્રિયંકા કલ્પિતના કાવ્યસંગ્રહ 'ઘસરકો' વિશે ડૉ. દિલીપ ચાવડાએ પ્રા. યશવંત વાઘેલાના અધ્યક્ષસ્થાને વક્તવ્ય આપ્યું હતું.

## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ

### સંયોજક : પ્રજ્ઞા પટેલ/પારુલ કં. દેસાઈ

દર મહિનાનાં પ્રથમ સોમવારે બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ યોજાય છે.

- તા.૫-૧૨-૨૦૧૧ના રોજ સ્વરચિત કૃતિઓના પઠનમાં લેખિકાઓએ કૃતિ-આસ્વાદ-ચર્ચામાં ઉત્સાહથી ભાગ લીધો.

- તા.૧૨-૩-૨૦૧૨ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે નારીસંવેદનાલક્ષી કાવ્યકૃતિ પઠન આસ્વાદનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શ્રી અદિતિ દેસાઈએ કવિ શ્રી યજ્ઞેશ દવેના સંવાદકાવ્ય 'આદિમાતા'નું ભાવવાહી નાટ્યાત્મક પઠન કરી, કાવ્યનો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૯-૪-૨૦૧૨ના રોજ ઉર્વશી શાહે હળવી શૈલીએ વાર્તા 'સોયદોરો', સુધા મહેતાએ 'મારું બાળપણ', ડૉ. અલકા શાહે પોતાને ગમતી કવિતા અને પ્રજ્ઞા પટેલે 'તરુણ વય' વિષયક લેખનું વાંચન કર્યું હતું.
- તા.૨૫-૬-૨૦૧૨ના રોજ ઋતુકાવ્યો વિશે એક ગોષ્ઠી યોજવામાં આવી હતી. પ્રારંભે શ્રી પારુલ કં. દેસાઈએ કવિ ઉમાશંકર જોષીના 'ધારાવસ્ત્ર' અને કવિ રમેશ પારેખના 'વરસાદ ભીંજવે' કાવ્યોનું પઠન કર્યું હતું. ઉપસ્થિત લેખિકાઓએ વર્ષા અને ગ્રીષ્મ વિષયક સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું અને આસ્વાદ ચર્ચા પણ કરી હતી.
- તા.૧૬-૭-૨૦૧૨ના રોજ ધીરુબહેન પટેલના માર્ગદર્શન હેઠળ શીઘ્રલેખન માટેની એક બેઠક યોજાઈ હતી જેનો વિષય હતો 'જે વ્યક્તિ ઉપર તમે સૌથી વધુ ભરોસો મૂક્યો હોય તે વ્યક્તિ દગો કરે અને એ વિશ્વાસઘાતના સમાચાર તમને બહારથી મળે ત્યારે કેવા પ્રત્યાઘાત હોય ?' હતો.
- તા.૨૩-૭-૨૦૧૨ના રોજ સાહિત્યસર્જનમાં રસ ધરાવતી બહેનોની એક બેઠક (લઘુકથા અંગે) યોજાઈ હતી. લઘુકથાના સ્વરૂપ અંગે પ્રસિદ્ધ લઘુકથાસર્જક પ્રફુલ્લ રાવલે વિશદ્ માહિતી આપતાં આ સાહિત્ય સ્વરૂપના ઝીણામાં ઝીણા તાણાવાણાને ખૂબીપૂર્વક વણી લેવાના કસબ અંગે માર્ગદર્શન આપ્યું હતું. બહેનોએ ઉત્સુકતાપૂર્વક લાંબી છાપ છોડી જતી હૃદયગમ વાર્તાના સ્વરૂપ અંગે ચર્ચા કરી અને મુક્ત મને પ્રશ્નોત્તરી પણ કરી હતી.
- તા.૧૦-૯-૨૦૧૨ના રોજ બહેનોએ સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું. આરંભે પારુલ કં. દેસાઈએ ઉષાબહેનના સાહિત્યસર્જન અને સ્વાધ્યાયનો પરિચય આપ્યો હતો.

## જેલમાં સાહિત્યિક કાર્યક્રમ

### સંયોજક : ગંગારામ વાઘેલા

દર મહિનાના ત્રીજા શનિવારે ગુજરાતની તમામ જેલોમાં વિવિધ સાહિત્ય કળાની પ્રવૃત્તિ

- ગુજરાતી સાહિત્ય પરિષદ અને મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદના સંયુક્ત



ઉપક્રમે નડિયાદની સબજેલમાં 'કાવ્યપઠન'નો એક કાર્યક્રમ યોજાયો જેમાં યુ.ટી.એસ. મહિલા આર્ટસ કૉલેજ, નડિયાદની ટી.વાય.બી.એ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ જેલના લગભગ ૨૦૦ જેટલા બંદીવાનો સમક્ષ ગુજરાતી ભાષાના કવિઓની કવિતાઓનું પઠન કર્યું હતું.
- તા.૧૯-૨-૨૦૧૧ના રોજ અમદાવાદ મધ્યસ્થ જેલમાં સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગંગારામ વાઘેલાએ દુહા-છંદ અને ભજનની રજૂઆત કરી હતી. જેલના અધિકારી શ્રી પારગીસાહેબ અને વણકરસાહેબની વિશેષ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ થયો હતો.
- વડોદરા જેલમાં શ્રી નિવ્યાબહેન પટેલના સંચાલનમાં કાવ્યપઠન અને વાર્તાપઠન કર્યા હતા.
- મહેસાણા જિલ્લા જેલમાં શ્રી વિનાયક રાવલનાં સંચાલનમાં 'સર્જક સાથે સવાર' કાર્યક્રમમાં ઝવેરચંદ મેઘાણીની 'ભાઈ' વાર્તા વિશે વાર્તાલાપ કર્યો હતો.
- પોરબંદર સબ જેલમાં કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતું.
- ગોંડલ સબ જેલમાં તા.૨૦-૧૨-૨૦૧૧ના રોજ મકરંદ દવેનાં પુસ્તકો 'સત કેરી વાણી' અને 'ભજનરસ' આસ્વાદનો કાર્યક્રમ યોજાયો હતો.
- સુરેન્દ્રનગર સબ જેલમાં શ્રી ચંદ્રકાન્ત વ્યાસના સંચાલનમાં 'અસરકારક પ્રસંગોનું કથન' કાર્યક્રમમાં અસરકારક પ્રસંગોની રજૂઆત કરી હતી.
- ભાવનગર જિલ્લા જેલમાં શ્રી અજય પાઠકના સંચાલનમાં જેલ સુપ્રિન્ટેન્ડન્ટ શેખસાહેબ તેમજ બંદીવાન કેશુભાઈ વાળા, નટુભાઈ દૂધરેજિયા અને ભરતભાઈએ કાવ્યોનું પઠન કર્યું હતું.
- તા.૨૬-૨-૨૦૧૨ના રોજ જૂનાગઢ મધ્યસ્થ જેલમાં બંદીવાનો માટે સંતવાણી પ્રસ્તુતિકરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. રવજી રાઠોડે સંતોની વાણી અને સંતોના શબ્દનો મહિમા સમજાવ્યો હતો. ડૉ. ભીમજી ખાચરિયા અને ડૉ. રમેશ મહેતાએ પ્રાસંગિક પ્રવચનો આપ્યાં હતાં. આ કાર્યક્રમમાં ૪૦૦ બંદીવાન ભાઈઓ અને જેલનો સમગ્ર સ્ટાફ ઉત્સાહપૂર્વક જોડાયો હતો. અંતમાં જૂનાગઢ જેલના જેલર મલેકસાહેબે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રતિનિધિઓ તથા કલાકારોનો આભાર માન્યો હતો.
- તા.૧૭-૩-૨૦૧૨ના રોજ ભાવનગર જિલ્લા જેલમાં જેલ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી શેખસાહેબની અધ્યક્ષતામાં પાંચ મુસ્લિમ ગઝલકારોનો મુશાયરો યોજવામાં આવ્યો હતો. શ્રી અજય પાઠકે મુશાયરાનું તથા શ્રી કાનજીભાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

- તા.૧૭-૩-૨૦૧૨ના રોજ અમદાવાદની સાબરમતી જેલમાં હાસ્યલેખક નારન બારૈયાએ 'ગુજરાતી સાહિત્યમાં હાસ્ય અને કટાક્ષ-લેખનની પરંપરા' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.
- તા.૧૪-૪-૨૦૧૨ના રોજ શ્રી કમલેશ પટેલે મોડાસા સબ જેલમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિશે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૧૬-૪-૨૦૧૨ના રોજ અમદાવાદ મધ્યસ્થ જેલના કવિસંમેલનમાં શ્રી ચિનુ મોદી, શ્રી કમલેશ રાવલ અને શ્રી ચંદ્રેશ મકવાણાએ કાવ્યપઠન કર્યું હતું.
- તા.૨૧-૪-૨૦૧૨ના રોજ સુરેન્દ્રનગર સબ જેલમાં લોકવાર્તાનો કાર્યક્રમ યોજાયો હતો.
- તા.૨૧-૪-૨૦૧૨ના રોજ ભાવનગર જિલ્લા જેલ ખાતે યુવા કવિમિલન યોજાયું હતું.
- તા.૨૧-૪-૨૦૧૨ના રોજ વડોદરા મધ્યસ્થ જેલમાં બાળ મનોરંજન પ્રવૃત્તિ કાર્યક્રમનું આયોજન થયું હતું.
- તા.૨૨-૪-૨૦૧૨ના રોજ ભરૂચ સબ જેલમાં દલપતરામનું નાટક 'મિથ્યાભિમાન'નો પરિચય અને નિર્દેશક શ્રી જયેન્દ્ર ચૌહાણ અને મીનળ દવે હાજર રહ્યા હતા.
- તા.૨૯-૪-૨૦૧૨ના રોજ જૂનાગઢ જિલ્લા જેલ ખાતે મહિલા કવિસંમેલનનું આયોજન થયું હતું.
- તા.૧૯-૫-૨૦૧૨ના રોજ ભાવનગર જિલ્લા જેલમાં 'કાવ્ય ગોષ્ઠી'નો કાર્યક્રમ યોજાયો હતો.
- તા.૨૨-૬-૨૦૧૨ના રોજ શ્રી બુદ્ધિધન ત્રિવેદીએ અમદાવાદ મધ્યસ્થ જેલમાં પન્નાલાલ પટેલ કૃત 'મળેલા જીવ' નવલકથાનો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૧૬-૬-૨૦૧૨ના રોજ મહેસાણા જિલ્લા જેલમાં શ્રી કેશુભાઈ એમ. પટેલે કાવ્ય પઠન કર્યું હતું અને શ્રી વિનાયક રાવલે પુસ્તકનો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૧૬-૬-૨૦૧૨ના રોજ સુરેન્દ્રનગર સબ જેલમાં શ્રી ચંદ્રકાન્ત વ્યાસે રેખાચિત્રો ઉપર વક્તવ્ય આપ્યું હતું.
- તા.૨૨-૭-૨૦૧૨ના રોજ ભાવનગર જિલ્લા જેલમાં કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાયો હતો. જેનું સંચાલન અજય પાઠકે કર્યું હતું.
- તા.૨૧-૭-૨૦૧૨ના રોજ અમદાવાદ જિલ્લા જેલમાં મહિલા કવયિત્રી સંમેલન યોજાયું એમાં સુપ્રસિદ્ધ નવલકથાકાર શ્રી કાજલ ઓઝા વૈદ્ય, શ્રી દક્ષાબહેન પટેલે



બંદીવાન બહેનોને રસતરબોળ કર્યા હતાં. આ કાર્યક્રમનું સંચાલન ગંગારામ વાઘેલાએ કર્યું હતું.

- તા.૨૧-૭-૨૦૧૨ના રોજ મહેસાણા જિલ્લા જેલમાં શ્રી વિનાયક રાવલના સંચાલન હેઠળ કાવ્યપઠન અને કાવ્યાસ્વાદનો કાર્યક્રમ યોજાયો હતો.
- ૨૩-૭-૨૦૧૨ના રોજ નડિયાદ જિલ્લા જેલમાં અમદાવાદના યુવા કવિમિત્રો સર્વશ્રી મનીષ પાઠક, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, તેજશ દવે અને મધુભાઈ પટેલે પોતાની કવિતાનું પઠન કરી જેલના બંદીવાન મિત્રોને આનંદવિભોર કરી મૂક્યાં હતા.
- તા.૫-૮-૨૦૧૨ના રોજ અમદાવાદ મધ્યસ્થ જિલ્લા જેલમાં જેલ અધિક્ષક અને બંદીવાન મિત્રોની હાજરીમાં સંતવાણીનો કાર્યક્રમ યોજાયો હતો.
- તા.૧૮-૮-૨૦૧૨ના રોજ મહેસાણા જિલ્લા જેલમાં રાજેશ વ્યાસ 'મિસ્કીન' અને મંગળ રાવળ, અમૃત બંટઈવાળાએ ભાગ લીધો હતો. જેનું સંચાલન વિનાયક રાવલે કર્યું હતું.
- રાજકોટ મધ્યસ્થ જેલમાં મહિલા કવિ-સંમેલનમાં પૂર્વીબહેન પંડિત, તનુબહેન પટેલ, નયનાબહેન મહેતા અને ગોપાલી બૂચે ભાગ લીધો હતો.
- તા.૧૫-૯-૨૦૧૨ના રોજ કવિસંમેલન યોજાયું હતું જેમાં શૈલેશ પંડ્યા, કનૈયાલાલ બારોટ અને જેલના બંદીવાનોએ કવિતાનું પઠન કર્યું હતું.



**સાબરમતી જેલમાં કાર્યક્રમ**

# ગુજરાતી સાહિત્ય પરિષદ પરિસરમાં આયોજિત વિવિધ કાર્યક્રમો



| ક્રમ | પ્રવૃત્તિ | સમય | સંયોજક | આયોજન | કાર્યપદ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૦૧ | પાક્ષિકી | દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે | દીવાન ઠાકોર ૯૯૧૩૩૯૭૬૨૪ | પરિષદ | વાર્તાકાર અપ્રગટ વાર્તા વાંચે અને ઉપસ્થિત ભાવકો પ્રતિભાવ આપે વાર્તા મૌલિક કે અનુવાદિત હોઈ શકે. મુખ્યત્વે કોઈ પણ સાહિત્ય સ્વરૂપ હોઈ શકે. |
| ૦૨ | ગ્રંથ સાથે ગોઠડી | દર મહિનાનો પહેલો શુક્રવાર | હરીશ ખત્રી ૯૯૦૪૧૫૭૯૩૯ | પરિષદ | કોઈ પણ પુસ્તક વિશે પરિચય અને પ્રશ્નોત્તરી |
| ૦૩ | માતૃભાષા સંવર્ધન કેન્દ્ર | દર માસે એક | પિંકી પંડ્યા/પારુલ ક. દેસાઈ ૯૪૨૮૪૧૨૯૫૫ | પરિષદ ક.લા. | માતૃભાષા કૌશલ કેન્દ્ર અંતર્ગત તમામ પ્રવૃત્તિ |
| ૦૪ | અનુવાદ અભિમુખતા | દર મહિનાનો બીજો મંગળવાર | રૂપા શેઠ ૯૨૨૮૦૧૭૮૩૫ | પરિષદ | અનુવાદિત કૃતિઓનો આસ્વાદ |
| ૦૫ | નવોદિત સર્જક સાથે સંવાદ | દર મહિનાનો ત્રીજો શનિવાર | ધ્વનિલ પારેખ ૯૪૨૬૨૮૬૨૬૧ | પરિષદ | નવસર્જકોની કાર્યશાળા |
| ૦૬ | પત્રકારત્વ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના શનિ-રવિ | દૃષ્ટિ પટેલ ૯૯૨૫૩૮૫૧૫૦ | પરિષદ ક.લા. | ગુજરાત યુનિ. દ્વારા માન્ય પ્રમાણપત્ર કોર્સ |
| ૦૭ | અનુવાદ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના શનિ-રવિ | પારુલ કં. દેસાઈ ૯૪૨૭૦૨૧૦૪૮ | પરિષદ ક.લા. | ગુજરાત યુનિ. દ્વારા માન્ય પ્રમાણપત્ર કોર્સ |



| ક્રમ | પ્રવૃત્તિ | સમય | સંયોજક | આયોજન | કાર્યપદ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૦૮ | વેબસાઈટ અને નેટ અંતર્ગત કામ | અવિરત | રૂપલ મહેતા ૯૮૨૪૦૩૩૫૮૦ | પરિષદ | સાહિત્યને લગતી માહિતી |
| ૦૯ | જેલ કાર્યક્રમ | દર મહિનાનો ત્રીજો શનિવાર | ગંગારામ વાઘેલા ૯૯૨૫૪૩૫૧૪૭ | પરિષદ | ગુજરાતની તમામ જેલોમાં વિવિધ સાહિત્ય કળાની પ્રવૃત્તિ |
| ૧૦ | એનીબેન સરૈયા લેખિકાનિધિ | દર મહિનાનો બીજો સોમવાર | પ્રજ્ઞા પટેલ/પારુલ કં. દેસાઈ ૯૮૨૫૪૩૮૩૯૪ | પરિષદ ક.લા. | બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ |
| ૧૧ | બુધસભા | દર બુધવારે | ધીરુભાઈ પરીખ પ્રવીણ પંડ્યા ૯૪૨૬૨૪૫૭૦૦ | પરિષદ | કાવ્યશાળા, બુધસભાની પરંપરા મુજબ |
| ૧૨ | સાહિત્યસિદ્ધાંત | દર માસે એક | પારુલ કં. દેસાઈ ૯૪૨૭૦૨૧૦૪૮ | પરિષદ ક.લા. | સાહિત્યના સિદ્ધાંત વિશે મૂળગામી ચર્ચા |
| ૧૩ | દલિત સાહિત્ય વિમર્શ | દર મહિનાનો ચોથો શનિવાર | ચંદુ મહેરિયા ૯૮૨૪૬૮૦૪૧૦ | પરિષદ | વિશ્વ ભારતીય દલિત સાહિત્યનો આસ્વાદ્ય અને અભ્યાસ |
| ૧૪ | ગ્રંથગોષ્ઠી | દર માસે એક | ઈતુભાઈ કુરકુટિયા ૯૭૧૪૬૪૦૧૫૬ | પરિષદ ક.લા. | નવા પ્રકાશિત પુસ્તકો અને વિશિષ્ટ ગ્રંથો વિશે ગોષ્ઠી |

# (૧૦)
# પરિષદ પરિસરનું આધુનિકીકરણ

- રા.વિ. પાઠક સભાગૃહ સંપૂર્ણ વાતાનુકૂલિત તથા તમામ અનિવાર્ય અદ્યતન સગવડો સાથે કાર્યરત છે.

  કુલ બેઠક ૩૨૫
- સેમિનાર હોલનું આધુનિકીકરણ

  આ ખંડમાં ૧૦૦ બેઠકોની વ્યવસ્થા તથા તમામ જરૂરીયાતો ઉપલબ્ધ કરાવવામાં આવી.
- હાલના કાર્યાલયની જગ્યાને વિસ્તારી નાનો ખંડ તૈયાર કરવામાં આવ્યો જ્યાં ૩૦ વ્યક્તિઓની ગોષ્ઠીની સગવડ કરવામાં આવી.
- કાર્યાલયની નવી જગ્યાને યોગ્ય રીતે સગવડભરી કરવામાં આવી.
- પરિષદ પ્રાંગણનું તથા પાર્કિંગ વિસ્તારનું રમણીય નવીનીકરણ કરવામાં આવ્યું.



**નવા રૂપે રા. વિ. પાઠક સભાગૃહ**



# (૧૧)
# દાન

## રા.વિ. પાઠક સભાગૃહ માટે આવેલ દાનની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી અંજન એચ. રાજા | | ૫,૦૦,૦૦૦/- |
| ૯. | શાહ ઓડિયો ઈન્ફોટેક પ્રા. લિ. | અમદાવાદ | ૩૫,૦૦૦/- |
| ૧૦. | સર્વશાંતિ પ્રોપર્ટીઝ પ્રા. લિ. | અમદાવાદ | ૨,૯૦,૦૦૦/- |
| | | **કુલ........** | **૮,૨૫,૦૦૦/-** |

## ‘પરબ’ સ્થાયી ફંડ

| | | | |
|---|---|---|---|
| ૧ | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ | વડોદરા | ૧૦,૦૦,૦૦૦/- |
| ૨. | સુહૃત નિધિ ટ્રસ્ટ (મુકેશભાઈ એમ. જેસરવાળા) | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૩. | સોશ્યિલ વેલ્ફેર ટ્રસ્ટ | ગાંધીનગર | ૫,૦૦,૦૦૦/- |
| | | **કુલ.........** | **૧૬,૦૦,૦૦૦/-** |

## ‘પરબ’ અપીલ પેટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | વિનોદાબહેન જી. ભટ્ટ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૨. | દર્શનાબહેન શેઠ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૩. | કલ્પનાબહેન પરીખ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૪. | હીર પી. વ્યાસ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૫. | નીતિનચંદ્ર સી. મોદી | નવસારી | ૧,૦૦૧/- |
| ૬. | પ્રેમલ નાણાવટી | અમદાવાદ | ૨,૫૦૦/- |
| ૭. | ઈશ્વરભાઈ અંબાલાલ પટેલ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| | | **કુલ.........** | **૨૪,૫૦૧/-** |

## લીફ્ટ માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | સફલ હોમ | અમદાવાદ | ૩,૦૦,૦૦૦/- |
| ૨. | રાજ કે. શાહ | સુરત | ૫,૦૦,૦૦૦/- |
| | | કુલ........ | ૮,૦૦,૦૦૦/- |

## ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્રમાં મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. ભાનુમતી એચ. શાહ | અમદાવાદ | ૨૫,૦૦૦/- |
| ૨. | રતિલાલ બોરીસાગર | અમદાવાદ | ૨૫૦/- |
| ૩. | નીલા વોરા | યુ.એસ.એ. | ૫,૫૦૦/- |
| ૪. | મધુસૂદન બી. પટેલ | અમદાવાદ | ૧૦,૦૦૦/- |
| ૫. | અરૂણાબહેન જાડેજા | અમદાવાદ | ૭,૦૦૦/- |
| ૬. | અરૂણાબહેન જાડેજા | અમદાવાદ | ૩,૬૦૦/- |
| ૭. | શકરીબહેન ભોળાભાઈ પટેલ | અમદાવાદ | ૨,૦૦,૦૦૦/- |
| | | કુલ....... | ૨,૫૧,૩૫૦/- |

## ગુણવંત શાહના વ્યાખ્યાન નિમિત્તે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | ગુણવંત શાહ | વડોદરા | ૩,૦૦૦/- |
| ૨. | કાંતિલાલ જેકીશનદાસ ચોક્સી ચે. ટ્રસ્ટ | અમદાવાદ | ૧૫,૦૦૦/- |
| ૩. | ગુણવંત શાહ | વડોદરા | ૧૫,૦૦૦/- |
| ૪. | WBG Publication | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૫. | રાષ્ટ્રીય પુસ્તક મેળો (અ.મ્યુ.કો.) | અમદાવાદ | ૭,૦૦૦/- |
| ૬. | મનુભાઈ પંચોળી 'દર્શક' એવોર્ડની રાશી | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૭. | ગરિમા | વડોદરા | ૧૫,૦૦૦/- |
| | | કુલ.......... | ૧,૬૬,૦૦૦/- |

## મેઘાણી પ્રાંગણ લેન્ડસ્કેપીંગ પેટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | કૌશલ વિનોદચંદ્ર મહેતા<br>હ.: રૂપલબહેન મહેતા | અમદાવાદ | ૧૦,૫૦,૦૦૦/- |



## સાદું દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | ભાનુપ્રસાદ પંડ્યા | રાજકોટ | ૫,૦૦૧/- |
| ૨. | અંકીત ત્રિવેદી | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૩. | બી.સી. ત્રિવેદી | મુંબઈ | ૧,૦૦૦/- |
| ૪. | પારુલ કં. દેસાઈ | અમદાવાદ | ૬૦૦/- |
| | | કુલ...... | ૧૭,૬૦૧/- |

## રવીન્દ્ર મહોત્સવ પેટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | ભોળાભાઈ પટેલ | અમદાવાદ | ૧૦,૦૦૦/- |
| ૨. | શૈલેષ પારેખ | અમદાવાદ | ૧૦,૦૦૦/- |
| ૩. | અનિલા દલાલ | અમદાવાદ | ૧૦,૦૦૦/- |
| ૪. | પ્રફુલ્લ રાવલ | વીરમગામ | ૩,૫૦૦/- |
| | | કુલ...... | ૩૩,૫૦૦/- |

## વ્યાખ્યાન અને સાહિત્ય સત્રો માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી સીતારામ સેવા ટ્રસ્ટ | મહુવા | ૫૦,૦૦૦/- |

## સ્થાયી ભંડોળમાં મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | કલ્પનાબહેન પરીખ | અમદાવાદ | ૧૦,૦૦૦/- |

## ચી.મં. ગ્રંથાલયમાં બાળ વિભાગની પ્રવૃત્તિઓ માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | કલ્પનાબહેન પરીખ | અમદાવાદ | ૫,૦૦૦/- |

## ચી.મં. ગ્રંથાલય માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | ધી ગુજરાત વિનય મંદિર સોસાયટી | અમદાવાદ | ૧૭,૦૦૦/- |

**— માધવ રામાનુજ**

# (૧૨)
## શ્રદ્ધાંજલિ

- ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય સભા, કુમાર ટ્રસ્ટ, ગુજરાત વિશ્વકોશ, કવિલોક ટ્રસ્ટ, બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ, નિરીક્ષક ટ્રસ્ટ,ના ઉપક્રમે મળેલી આ સભા કમળાબહેન ધીરુભાઈ પરીખના ૧૧ ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ થયેલ અવસાનથી દુઃખની ઘેરી લાગણી અનુભવે છે.
- ૭-૪-૨૦૧૨ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત ટાઈમ્સ (અમેરિકા) ગુજરાત દૈનિક અખબાર સંઘ, ગુજરાત પત્રકાર સંઘ, ગુજરાત મીડિયા ક્લબ, નિરીક્ષક, ઓપિનિયન વગેરેના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી સાહિત્ય પરિષદ ભવનમાં તુષાર ભટ્ટનો શ્રદ્ધાંજલિ અર્પણનો કાર્યક્રમ યોજાયો હતો.
- ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય સભા, કુમાર ટ્રસ્ટ, ગુજરાત વિશ્વકોશ, કવિલોક ટ્રસ્ટ, બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ, નિરીક્ષક ટ્રસ્ટ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગુજરાત પ્રકાશક મંડળ, રવીન્દ્ર ભવન, રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, ગુર્જર ભારતીના ઉપક્રમે મળેલી આ સભા અનુગાંધી યુગના કવયિત્રી ગીતાબહેન સૂર્યકાન્તભાઈ પરીખના ૭ એપ્રિલ, ૨૦૧૨ના રોજ થયેલ નિધનથી દુઃખની ઘેરી લાગણી અનુભવે છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય સભા, કુમાર ટ્રસ્ટ, ગુજરાત વિશ્વકોશ, કવિલોક ટ્રસ્ટ, બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ, નિરીક્ષક ટ્રસ્ટ વગેરેના ઉપક્રમે મળેલી આ સભા કર્મશીલ કાન્તિભાઈ શાહના ૨૯ એપ્રિલ, ૨૦૧૨ના રોજ થયેલ નિધનથી દુઃખ અનુભવે છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય સભા, કુમાર ટ્રસ્ટ, ગુજરાત વિશ્વકોશ, કવિલોક ટ્રસ્ટ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગુજરાત પ્રકાશક મંડળ, રવીન્દ્ર ભવન, બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ, નિરીક્ષક ટ્રસ્ટ, રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, ગુર્જર ભારતીના ઉપક્રમે શ્રી નિરંજન ભગતના પ્રમુખપદે મળેલી આ સભા ગુજરાતી



સાહિત્ય પરિષદના પ્રમુખ, નિબંધકાર, વિવેચક, અનુવાદક, ભારતીય સાહિત્યના અભ્યાસી અને ઉત્તમ અધ્યાપક શ્રી ભોળાભાઈ પટેલના ૨૦ મે, ૨૦૧૨ને રવિવારે થયેલ અવસાનથી દુઃખની ઘેરી લાગણી અનુભવે છે.

- ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય સભા, કુમાર ટ્રસ્ટ, ગુજરાત વિશ્વકોશ, કવિલોક ટ્રસ્ટ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગુજરાત પ્રકાશક મંડળ, રવીન્દ્ર ભવન, બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ, નિરીક્ષક ટ્રસ્ટ, ઉદ્દેશના ઉપક્રમે આ સભા પ્રબોધ જોષી (અ.તા. ૧૮-૧૧-૨૦૧૨), ચંદુલાલ સેલારકા (અ.તા.૨૯-૧૧-૨૦૧૨), મૌન બલોલી (અ.તા. ૨૫-૧૧-૨૦૧૨), અશ્વિની ભટ્ટ (અ.તા. ૧૦-૧૨-૨૦૧૨)ના અવસાનથી દુઃખની ઘેરી લાગણી અનુભવે છે.

## ૨૭મું જ્ઞાનસત્રનો વિગતવાર કાર્યક્રમ

**તારીખ : ૨૧/૨૨/૨૩ ડિસેમ્બર-૨૦૧૨**
**યજમાન સંસ્થા : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત**

**જ્ઞાનસત્રના અધ્યક્ષ :** શ્રી વર્ષા અડાલજા
**સ્વાગત સમિતિ પ્રમુખ :** શ્રી દક્ષેશ ઠાકર, કુલપતિ

### પહેલી બેઠક તા.૨૧/૧૨/૨૦૧૨, શુક્રવાર, સવારે ૧૧.૦૦થી ૧.૦૦

**ઉદ્‌ઘાટન બેઠક**

| | | |
|---|---|---|
| સ્વાગત | : | ડૉ. દક્ષેશ ઠાકર, કુલપતિશ્રી |
| ઉદ્‌ઘાટક | : | શ્રી અશોક વાજપેયી |
| અતિથિ વિશેષ | : | શ્રી ગોવિંદ સરૈયા |
| અધ્યક્ષ | : | શ્રી વર્ષા અડાલજા |
| અધ્યક્ષશ્રીનો પરિચય | : | શ્રી રઘુવીર ચૌધરી |
| પ્રાસંગિક | : | શ્રી ભગવતીકુમાર શર્મા |
| | | શ્રી અનિલા દલાલ |
| પરિષદનો અહેવાલ | : | શ્રી રાજેન્દ્ર પટેલ |

### બીજી બેઠક તા.૨૧/૧૨/૨૦૧૨, શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૩૦

| | | |
|---|---|---|
| સર્જકનું પુનઃમૂલ્યાંકન | : | જયંત પાઠક |
| અધ્યક્ષ | : | રવીન્દ્ર પારેખ |
| કવિતા વિશે | : | સતીશ વ્યાસ |
| સર્જનાત્મક ગદ્ય | : | મણિલાલ હ. પટેલ |
| વિવેચન | : | વિજય શાસ્ત્રી |
| સંચાલન | : | નીતિન વડગામા |

### ત્રીજી બેઠક તા.૨૧/૧૨/૨૦૧૨, શુક્રવાર, રાત્રે ૭.૩૦થી ૮.૩૦

**પારિતોષિક વિતરણ**

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી વર્ષા અડાલજા |
| સંચાલન | : | પ્રફુલ્લ રાવલ |



### ચોથી બેઠક તા.૨૧/૧૨/૨૦૧૨, શુક્રવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦

'મળેલા જીવ'નું વાચિકમ્

| | | |
|---|---|---|
| સંકલન અને નિર્દર્શન | : | પરેશ નાયક |
| સહયોગ | : | દૃષ્ટિ પટેલ |
| કલાકારો | : | રાજુ બારોટ, આરતી પટેલ, અર્ચન ત્રિવેદી, મોરલી પટેલ, ભરત ઠક્કર, જિગીષા ત્રિવેદી, તુષાર દવે |

### તા.૨૨/૧૨/૨૦૧૨, શનિવાર, સવારે ૮.૦૦થી ૯.૩૦
### મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

### પાંચમી બેઠક તા.૨૨/૧૨/૨૦૧૨, શનિવાર, સવારે ૧૦.૦૦થી ૧.૦૦

બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૦-૨૦૧૧)

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | દીપક મહેતા |
| કવિતા | : | અજયસિંહ ચૌહાણ |
| નાટક | : | શૈલેષ ટેવાણી |
| વિવેચન | : | પારુલ કં. દેસાઈ |
| ચારિત્ર-સાહિત્ય | : | સંધ્યા ભટ્ટ |
| અનુવાદ | : | રૂપા શેઠ |
| સંચાલન | : | કીર્તિદા શાહ |

### છઠ્ઠી બેઠક તા.૨૨/૧૨/૨૦૧૨, શનિવાર, સવારે ૩.૦૦થી ૬.૦૦

બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૦-૨૦૧૧)

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | કિરીટ દૂધાત |
| ટૂંકી વાર્તા | : | કનુ ખડદિયા |
| નવલકથા | : | દીપક પટેલ, અજય રાવલ |
| નિબંધ | : | યશોધર રાવલ |
| સંશોધન-સંપાદન | : | રાજેશ્વરી પટેલ |
| બાળસાહિત્ય | : | વિરંચિ ત્રિવેદી |
| સંચાલન | : | જનક નાયક |

**સાતમી બેઠક તા.૨૨/૧૨/૨૦૧૨, શનિવાર, રાત્રે ૮.૩૦થી...**
**યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ**

**આઠમી બેઠક તા.૨૩/૧૨/૨૦૧૨, રવિવાર, સવારે ૯.૦૦થી ૧૧.૩૦**

સાહિત્યસ્વરૂપ : નવલકથા : સમકાલીન નવલકથા

અધ્યક્ષ : ઈલા આરબ મહેતા
વક્તા : યોગેન્દ્ર વ્યાસ (ભાષાકર્મ)
ભરત મહેતા (સ્થિત્યંતર : સામગ્રીલક્ષી)
ગુણવંત વ્યાસ (સ્થિત્યંતર : સ્વરૂપલક્ષી)
સંચાલન : યોગેશ જોષી

**નવમી બેઠક તા.૨૩/૧૨/૨૦૧૨, રવિવાર, બપોરે ૧૧.૦૦થી ૧.૦૦**

દક્ષિણ ગુજરાતની લોકકથા

અધ્યક્ષ : ભગવાનદાસ પટેલ
વક્તા : જયાનંદ જોષી (લોકકથાનું સ્વરૂપ)
વિક્રમ ચૌધરી
(ઘોડિયા અને ચૌધરી લોકકથાઓ)
ડાહ્યાભાઈ વાઢુ (કુંકણા લોકકથાઓ)
સંચાલન : દક્ષા વ્યાસ
બેઠકના પ્રારંભે લોકકથાનું નિદર્શન અપાશે

**દશમી બેઠક તા.૨૩/૧૨/૨૦૧૨, રવિવાર, બપોરે ૧.૦૦થી ૧.૩૦**

સમાપન બેઠક

આભારદર્શન - યજમાન સંસ્થા વતી : ડૉ. દક્ષેશ ઠાકર, કુલપતિશ્રી
ગુજરાતી સાહિત્ય પરિષદ વતી : રાજેન્દ્ર પટેલ (મહામંત્રી)

**ઉપરોક્ત અહેવાલ તૈયાર કરવામાં નીચેની વ્યક્તિઓનો ફાળો રહ્યો છે. મંત્રીશ્રીઓ, શ્રી પ્રફુલ્લ રાવલ, શ્રી નીતિન વડગામા, શ્રી જનક નાયક, શ્રી કીર્તિદા શાહ, શ્રી માધવ રામાનુજ, ટ્રસ્ટીશ્રી રૂપલ મહેતા, હર્ષ બ્રહ્મભટ્ટ, પાવન બકેરી, કાર્યકારી નિયામક પારુલ કં. દેસાઈ તથા કર્મચારીઓ ચન્દ્રકાન્ત ભાવસાર, રશ્મિકાન્ત દવે તથા જે તે પ્રવૃત્તિના સંયોજકો.**



## ગુજરાતી સાહિત્ય પરિષદનાં જ્ઞાનસત્રો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | મોડાસા | ૨૭ | ઑક્ટોબર | ૧૯૬૦ |
| ૨. | દાહોદ | ૨૧ | ઑક્ટોબર | ૧૯૬૨ |
| ૩. | વાડાશિનોર | ૨૫ | ઑક્ટોબર | ૧૯૬૪ |
| ૪. | દ્વારકા | ૨૯ | ઑક્ટોબર | ૧૯૬૬ |
| ૫. | શારદાગ્રામ | ૧ | નવેમ્બર | ૧૯૬૮ |
| ૬. | ઈડર | ૨૩ | ઑક્ટોબર | ૧૯૭૦ |
| ૭. | સંસ્કારતીર્થ (આજોલ) | ૨૯ | ડિસેમ્બર | ૧૯૭૨ |
| ૮. | કાંદિવલી (મુંબઈ) | ૩ | જાન્યુઆરી | ૧૯૭૪ |
| ૯. | અલિયાબાડા | ૫ | નવેમ્બર | ૧૯૭૬ |
| ૧૦. | ગ્રામભારતી (અમરાપુર) | ૩૦ | ડિસેમ્બર | ૧૯૭૮ |
| ૧૧. | લોકભારતી (સણોસરા) | ૨૭ | ડિસેમ્બર | ૧૯૮૦ |
| ૧૨. | વનસ્થલી-કણજોડ | ૬ | નવેમ્બર | ૧૯૮૨ |
| ૧૩. | લોકનિકેતન (રતનપુર) | ૨૬ | જાન્યુઆરી | ૧૯૮૪ |
| ૧૪. | અમરેલી | ૨૭ | ડિસેમ્બર | ૧૯૮૬ |
| ૧૫. | ભાવનગર | ૨૪ | ડિસેમ્બર | ૧૯૮૮ |
| ૧૬. | સાવલી | ૨૯ | ડિસેમ્બર | ૧૯૯૦ |
| ૧૭. | નવસારી | ૩૦ | જાન્યુઆરી | ૧૯૯૨ |
| ૧૮. | ભીમોર (ચોટીલા) | ૨૪ | ડિસેમ્બર | ૧૯૯૪ |
| ૧૯. | અમીરગઢ | ૨૮ | ડિસેમ્બર | ૧૯૯૬ |
| ૨૦. | રાધનપુર | ૨૫,૨૬,૨૭ | ડિસેમ્બર | ૧૯૯૮ |
| ૨૧. | સણાલી (દાંતા) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૦૦ |
| ૨૨. | બારડોલી | ૨૭,૨૮,૨૯ | ડિસેમ્બર | ૨૦૦૨ |
| ૨૩. | વલ્લભવિદ્યાનગર | ૨૫,૨૬ | ડિસેમ્બર | ૨૦૦૪ |
| ૨૪. | માંડવી (કચ્છ) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૦૬ |
| ૨૫. | કીમ (સુરત) | ૨૬,૨૭,૨૮ | ડિસેમ્બર | ૨૦૦૮ |
| ૨૬. | મોડાસા | ૨૪,૨૫,૨૬ | ડિસેમ્બર | ૨૦૧૦ |
| ૨૭. | સુરત | ૨૧,૨૨,૨૩ | ડિસેમ્બર | ૨૦૧૨ |